વિશેષ ઉપચારઃ—જુઓ વનૌ૦માં – [illegible] ૧. કોથમી[illegible] [illegible] –૧૮, ૧૯.

'સસ્તુ' સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

કલ્યાણમયી

★

લેખક:
શ્રી. ડુંગરશી ધરમશી સંપટ

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

એક રૂપિયો

પહેરતો. માથું તો ઓળેલું જ હોય, રૂમાલ ઉપર અત્તર છાંટેલું હોય અને ગુલાબનું ફૂલ છાતીએ રાખેલું જ હોય. એ છેલબટાઉ હતો. બાપે પરણાવ્યો હતો. પણ બાયડી જરા શ્યામ હોવાથી એ બોલાવતો નહોતો. ગામની છોકરીઓને લાલચમાં ફસાવતો હતો. એનો બાપ પૈસાદાર હતો. એટલે એ ફક્કડ થઇને ફરતો ને ગામની રૂપાળી છોકરીઓ ઉપર ખરાબ નજર નાખતો હતો. તેમજ એમની પાછળ પૈસા પણ બગાડતો હતો. એની એ ટેવ હજી ચાલુ છે. ઘણાં-નાં ઘર એ રાક્ષસે બાંગ્યાં છે. મારું પણ એણે જ બાંગ્યું. પરમાત્મા આવા નરાધમોને શા માટે જીવતા રાખતો હશે? એમને સખત સજા શા માટે નહિ કરાવતો હોય?" રાધાએ દાંત પીસ્યા.

"પછી બહેન શું થયું? વાત કર એટલે ખબર પડે."

"વાત તે શી કરું મારું કપાળ? મારા તો દિવસ ઊઠ્યા કે એ રાંડનાની નજર મારા ઉપર પડી. તું તો જાણે છે કે હું દેખા-વડી છું. હું નાનપણથી પહેરવાઓઢવાની શોખીન હતી. છેલભાઇની અને અમારી અગાસી સામસામી હતી. એ મને ક્યારેક એકલી અગાસીમાં જોતો, એટલે ખોટા ચેનચાળા કરતો હતો. હું એના તરફ જોતી પણ નહિ. અંધારામાં એક દિવસ હું એના ઘર પાસેથી પસાર થઈ. એણે મારી પડખે ચાલીને મારા હાથમાં ઊંચી જાતની અત્તરની શીશી મૂકી દીધી. મેં અક્કલ વગરનીએ શીશી તરત ફેંકી દીધી નહિ. બીજી વખત લાગ જોઇને એણે બીજી જાતના અત્તરની શીશી મને આપી. હું શું કરું છું તેનો વિચાર પણ કર્યા વગર મેં એ પણ ભોળપણમાં રાખી લીધી. એન પાંચસાત વાર એણે ચોરીને મને મોકલ્યાં હતી. લોભમાં પડીને હું એ લેતી હતી. પછી એની એક ચિઠ્ઠી મને મળી તે [illegible] જવાબ આપ્યો નહિ [illegible] આવી, [illegible] [illegible]

ગર્ભિણીના (આનાહ મળમૂત્રબદ્ધ રોગ) વાયુ ઉપર:— વજ અને લસણ નાખી દૂધ ગરમ કરવું. તેમાં હિંગ અને સંચળ નાખી તે પ્રાશનાર્થ આપવું એટલે સુખી થશે.

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:—વજ—૭.

ગર્ભિણીનું મૂત્ર બંધ થાય તે ઉપર:—(૧) સાળી (ચોખા), શેલડી, દાભ, કાસ અને શરતૃણ, એ તૃણ-પંચમૂળનો કલ્ક નાખી દૂધ કઢવું અને તે પ્રાશન કરવું; એટલે મૂત્રબંધ, તૃષા, દાહ અને રક્તપિત્તનો નાશ થાય છે. (૨) ખાખરાનાં ફૂલ બાફી પેડુ પર બાંધવાં. (૩) સુરોખાર પાણીમાં વાટી ડૂંટી પર લેપ કરવો.

ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપર:—(૧) વાળો, કમળ, રતાંજળી અને ક્ષીરવૃક્ષપંચક (વડ, ઉંબરો, પીપળો, પીંપળી, જાંબુઓ)ની છાલ, એ ઔષધો પાણીમાં કૂટી ઘી નાખી તેમાં કટકડી પલાળી યોનિમાં રાખવી અને ડૂંટી ઉપર લેપ કરવો. (૨) શતધૌત ઘૃત શરીરે ચોળવું. (૩) ખડીસાકર, મધ, નીલકમળ, રાતું કમળ અને નાગકેસરનો કાઢો કરી તેમાં ઘી અને મધ નાખી આપવો. (૪) શિંગોડાં અને કચૂરાની દૂધમાં લાપસી કરી ખવરાવવી. (૫) ગંદૂલા, કમળકંદ અને કુમળાં ઉંબરાંને દૂધમાં બાફી તે દૂધ પાવું. (૬) *તાંદળજાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી આપવાં. (૭) સાકર, તલ, લજ્જાળુ અથવા પદ્મકાષ્ઠનું એક તોલો ચૂર્ણ મધમાં આપવું. (૮) ધાણા, નાગરમોથ, કાળો વાળો, ધોળો વાળો, લાજાળુ, ગળો, વાવડિંગ, પિત્તપાપડો અને ધમાસાનો કાઢો કરી તે ટાઢો થયા પછી પાવો; એટલે રક્તસ્રાવ અને અતિસાર દૂર થાય છે. (૯) કબૂતરની અઘાર નાગરવેલીના રસમાં અથવા ચોખાના ધોવરામણમાં નાખી પાવી. (૧૦) નીલકમળ, રાતાં કમળ, કલ્હાર (ગોરખમુંડી), કુમુદ (પોયણી), શ્વેત કમળ, મહુડાના ફૂલ,+ એ ઉત્પલાદિગણનો કાઢો કરી આપવો એટલે રક્તસ્રાવ, દાહ, તૃષા, હૃદ્ગ્રહ, રક્તપિત્ત, [illegible] અને [illegible]નો નાશ થાય છે.

---

* મહુડાના ફૂલ [illegible]
ફ. ૧૨

રહી તે માંદી પડે છે તથા કોઈ વખતે બેશુદ્ધ થઈ પડે છે. ગર્ભ-ચલનનો આવો પ્રકાર ગર્ભિણીએ શક્તિ કરતાં ઘણું કામ કરવાથી કિંવા ગર્ભાશયમાં ઉષ્ણતા પ્રબળ થવાથી અથવા ગર્ભિણીને જે વાત વર્જ્ય કહેલી છે તે કરવાથી થાય છે.

ઉપચાર:—પ્રથમ માસમાં ગર્ભનું ચલન થાય તો:— (૧) દ્રાક્ષ, જેઠીમધ, ચંદન અને રતાંજળી ગાયના દૂધમાં વાટી તેમાં ઘી નાખી તે પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ સ્થિર થાય છે. (૨) નીલ કમળ, વાળો, શિંગોડાં અને કચૂરાને ઠંડા પાણીમાં વાટી દૂધમાં મેળવી પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ પડતો નથી અને શૂળની શાંતિ થાય છે. **બીજા માસમાં:**—ગર્ભ ચલન થવા લાગે તો કમળના તંતુઓ અને નાગકેસરને વાટી દૂધમાં પાવું. શૂળ થતું હોય તો તગર, કમળ, બીલું અને કપૂરને બકરીના દૂધમાં વાટી દૂધમાં કાલવી પાવું. **ત્રીજા માસમાં:**—નાગકેસર વાટી દૂધમાં મેળવી સાકર નાખી પ્રાશનાર્થ આપવું; અને શૂળ હોય તો પદ્માકાષ્ઠ, ચંદન, વાળો અને કમળની ડાંડીને ઠંડા પાણીમાં વાટી દૂધમાં કાલવી પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ પડતો નથી અને શૂળની શાંતિ થાય છે. **ચોથા માસમાં:**—ચલન, તૃષા, શૂળ, દાહ તથા જ્વર હોય તો કેળના કાંદા, લીલાં કમળ અને વાળો વાટી દૂધમાં પ્રાશનાર્થ આપવાં. **પાંચમા માસમાં:**—દાડમનાં પાંદડાં તથા ચંદન વાટી તેમાં દૂધ અને દહીં નાખી પ્રાશનાર્થ આપવું; અને નીલકમળ, કમળમાંનું કેસર, બોરડીનાં પાંદડાં, નાગકેસર તથા પદ્માકાષ્ઠને પાણીમાં વાટી દૂધમાં પીવા માટે આપવું; એટલે ગર્ભ સ્થિર થઈ શૂળની શાંતિ થાય છે. **છઠ્ઠા માસમાં:**—ગેરુ, ગાયનાં છાણાંની રાખ, લીંડીપીપર અને ગોપી-ચંદનનો કાઢો કરી ઠંડો થયા પછી તેમાં દૂધ, સાકર અને ચંદન નાખી આપવો. **સાતમા માસમાં:**—વાળો, ગોખરુ, નાગરમોથ, શાલવણ કંદ, નાગકેસર અને પદ્મકાષ્ઠનો કાઢો સાકર નાખી પાવો. **આઠમા માસમાં:**—લોધર અને લીંડીપીપરનું ચૂર્ણ મધમાં આપવું. **નવમા માસમાં:**—પ્રસૂતિ થાય છે.

વિશેષ ઉપચાર: જુઓ. સૌ. ભા.—પે.૩૧—.

શિંગું, ક્ષીરવૃક્ષો (વડ, ઉંબરો, પીપળો, પીપળી, જાંબુઓ)ની છાલ, કાકડાશિંગ અને તજનો કાઢો અથવા ચૂર્ણ ઘૃતયુક્ત કરી આપવું અને ઉપર દૂધ પાવું. **છઠ્ઠા મહિનામાં:**—પીઠવણ, બલદાણા, સરગવો, ગોખરુ અને સિવણનો કાઢો અથવા ચૂર્ણ દૂધમાં આપવું. **સાતમા મહિનામાં:**—શિંગોડાં, કમળતંતુ, દ્રાક્ષ, કચૂરા અને જેઠીમધના ચૂર્ણની દૂધ અને સાકર નાખી લાપસી કરી આપવી. **આઠમા મહિનામાં:**—કોઠીનાં મૂળ, બીલાં, ઊભી રીંગણીનાં મૂળ, પટોલ, શેલડીનાં મૂળ અને બોરીંગણીનો કાઢો કરી તેમાં દૂધ નાખી પુનઃ ઉકાળી તે દૂધ પાવું. **નવમા× મહિનામાં:**—જેઠીમધ, ધમાસો, શતાવરી અને ઉપરસાળનો કાઢો દૂધ નાખી દૂધ શેષ રાખી પાવો. **દશમા મહિનામાં:**—સૂંઠનો, શતાવરીનો અથવા સૂંઠ, જેઠીમધ અને દેવદારનો દુગ્ધશેષ કાઢો કરી પાવો. **અગિયારમા મહિનામાં:**—રાયણની છાલ, નીલકમળ, લાજાળુના કાંદા અને આવળકંદી (આમળાં)ને દૂધમાં વાટી પાવાં; એટલે અગિયારમા માસમાં શૂળની શાંતિ થાય છે. **બારમા મહિનામાં:**—ધોળી ભોંયકોળી, આસોંદ, શતાવરી અને કમળના તંતુને વાટી બારમા માસમાં શૂળની શાંતિને માટે આપવું; એટલે ગર્ભ પુષ્ટ થાય છે અને તીવ્ર શૂળ શાંત થાય છે. **ગર્ભપાત ઉપર:**—(૧) લાજાળુ, ધાવડીનાં ફૂલ, નીલકમળ, જેઠીમધ અને લોધરનો કાઢો ચોખાના પાણીમાં એસી પીવો; એટલે ગર્ભપાતનું નિવારણ થાય છે. (૨) કુંભારના હાથ પર લાગેલી માટી બકરીના દૂધમાં મેળવી મધ નાખી આપવી; કિંવા ધોળી ગરણીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. (૩) સાકર, કમળના તંતુ તથા નસ. એ સમભાગ લઈ વાટી મધમાં ગર્ભસ્થાર્થે આપવાં. (૪) અનિમળાનાં મૂળ કુમારિકાએ કાંતેલા સૂત્રમાં વીંટી કમ્મરે બાંધવાં. (૫) કસ્તૂરી ૧ ગુંજાભાર, જાવંત્રી ૩ ગુંજ, જાયફળ ૨ ગુંજ અને પારસપીપળાનાં બીજ ૬ ગુંજ પ્રમાણે

× નવથી બાર માસ સુધી પ્રસૂતિ થવાના ઉત્તમ મહિના છે. નવ [illegible] પછી પ્રસૂતિ ન થાય તો ગર્ભ અને ગર્ભિણીના રક્ષણ થવા માટે [illegible] કહેલા છે

ગર્ભનાં લક્ષણો:—ગર્ભની હાલચાલ બંધ પડે છે, પ્રસવવેદના બંધ થાય છે, અંગ કાળું અગર લીલું થાય છે તથા શ્વાસોચ્છ્વાસ સાથે દુર્ગંધ આવે છે; અને અંદર બાળક મરી જઈ ફુલવાથી પેટ ફુલી જાય છે. માતાનાં માનસિક અને આગંતુક દુઃખનાં કારણોએ કિંવા વ્યાધિએ કૂખમાં ગર્ભ મરે છે. ગર્ભિણીનાં બીજાં અસાધ્ય લક્ષણો:—વાયુના યોગે યોનિનો સંકોચ થવો, કૂખમાં ગર્ભ અકડી રહેવો, મક્કલશૂળ, આક્ષેપક, કાસ-શ્વાસાદિ ઉપદ્રવ તથા મૂઢગર્ભ, એ થાય એટલે તે ગર્ભિણી બચતી નથી. યોનિસંવરણ વ્યાધિ:—વાતકારક ખાનપાન, મૈથુન અને જાગરણનું અતિસેવન કરનારી ગર્ભિણીના યોનિમાર્ગમાં વાયુ કોપે છે તથા યોનિદ્વારને બંધ કરે છે. માર્ગ બંધ થયા પછી યોનિગત વાયુ ગર્ભાશયદ્વાર રોકે છે અને ગર્ભાશયને પીડા કરે છે; તેથી ગર્ભનું મોઢું, નાક બંધ થઈ શ્વાસોચ્છ્વાસ બંધ થઈ ગર્ભ નાશ પામે છે. આ કાળ જેવો વાયુ મારનારો છે. એ ઉપર ચિકિત્સાનો આરંભ કરવો નહિ.

સુખે પ્રસવ થવા માટે ઉપચાર:—(૧) સર્પની કાંચળી કિંવા નગર અથવા માથાના કેશની ધૂણી યોનિને આપવી. (૨) કલગારીનાં મૂળ સૂતરમાં બાંધી તે હાથે-પગે બાંધવાં. (૩) સૂર્યવલ્લી, આકડો કિંવા કડવાં ઇંદ્રવરણાંનાં મૂળ ધારણ કરવાં. (૪) લીંડીપીપર અને વજ પાણીમાં વાટી તેમાં એરંડતેલ નાખી, તેનો ડૂંટી ઉપર લેપ કરવો; એટલે અનેક પ્રમાદો વડે ઘણી પીડા પામેલી સ્ત્રીને સુખેથી પ્રસવ થાય છે. (૫) બિજોરાનાં મૂળ અને જેઠીમધનું ચૂર્ણ ઘીમાં નાખી પાવું અથવા બિજોરાનાં મૂળ કમરે બાંધવાં. (૬) કેળીની ઉત્તર બાજુનાં મૂળ લઇ તે અથવા (૭) તાડની ઉત્તર બાજુનાં મૂળ લઇ તે સ્ત્રીના શરીર જેટલા લાંબા સૂતર વડે બાંધી કમરે બાંધવાં. (૮) ધોળો અઘેડો અથવા કડવો લીમડો કિંવા બોડી-અખારીનાં મૂળ કમરે બાંધવાં. (૯) ઉટકટારીનાં મૂળ ચોટલે બાંધવાં; અને તે પ્રસવ થતાંની સાથે છોડી નાખવાં. (૧૦) કેળનાં કાંદાનાં રેસાં નાભિ નીચે બાંધવાં. (૧૧) ગાયનું દૂધ પાકો પાશેર (વીસ રૂપિયા) લઈ તેમાં ગાયનું છાણુ એક તોલાથી બે તોલાપર્યંતનું મેળ-

ખબર પડી ગઈ.

"મારી માતાએ મને જરા પણ ઠપકો આપ્યો નહિ. તે મને જમાડીને એકાંતમાં તેડી ગઇ. એણે બધી હકીકત પૂછી. મેં કાને હાથ દીધા. માતાએ મને ચિઠ્ઠી બતાવી. એટલે મારે બધું કબૂલ કરી દેવું પડયું. મારી માતાએ મને જરાયે કઠોર વચન કહ્યાં નહિ. એણે મને સમજાવીને દાખલાદલીલ આપીને આ કામ કેવું નિંદ્ય અને ખરાબ હતું તે સમજાવ્યું: 'દીકરી! સંસારમાં આબરૂ, પ્રતિષ્ઠા, નારીત્વ, ધર્મ, મર્યાદા, સંયમ ખોવાં હોય તે જ આ માર્ગે જાય છે. દીકરીની જાતને તો કેટલુંયે સંભાળવાનું છે. અમારાં પૂર્વજન્મનાં પુણ્ય આડાં આવ્યાં કે તું ઘણી ખરાબ સ્થિતિમાંથી બચી ગઈ છે.' એ વિચારતાં પણ મને કમકમાં આવે છે. મારી માતા દરરોજ અર્ધો કલાક મને તેની પાસે બેસાડી સાવિત્રી, સીતા, અનસૂયા, અરુંધતી વગેરે સતીઓની વાર્તાઓ કહેતી. મને પણ એ ક્ષણિક નિર્બળતા માટે પોતાના ઉપર તિરસ્કાર આવ્યો. હું બચી ગઈ હતી, તે માટે મેં પરમાત્માનો પાડ માન્યો.

"મારા પિતાને કહી મારી માતાએ મને ગોરધનદાસ શેઠના પુત્ર વેરે પરણાવી દીધી. હું મારા પતિ અને સાસરાથી પ્રસન્ન છું. મને સૌ વાતે આનંદ છે. પરંતુ કોણ જાણે ક્યાંથીયે આ દુશ્મન ઉસમાન જાગી ઊઠ્યો. મારી માતા ગઈ સાલ ગુજરી ગયાં ત્યાર પછી હું સાસરે રહેવા આવી છું. મને સંપૂર્ણ સુખ છે. થોડા દિવસ ઉપર મને આબ્બા નામની ઉતાર જેવી કંકુડી મળી હતી. એણે ઉસમાન તરફથી મને ખાનગીમાં સંદેશો કહ્યો છે. એ પાપિયા ની દાઝ નાગ [illegible]

[illegible]

[illegible]

અગર દૂધમાં ઘસી નાકે પાવાં, એટલે અત્યંત વીર્યવાન
ઉત્પન્ન થાય છે; અથવા લક્ષ્મણાનાં મૂળ પુષ્ય નક્ષત્રમાં કાઢે
કુમારિકાના હાથ વડે દૂધમાં વટાવી ઋતુસ્નાતા સ્ત્રીને પ્રાશન
આપવાં. (૩) નસ્યનું તેલ, દૂધ, કાકડી, દહીં, ઘી, એ પાંચે એ
કરી, હાથ વડે મસળી એમાં લીંડીપીપરનું ચૂર્ણ નાખી પ્રાશન
આપવું. (૪) એક આખા બિજોરાનાં પાંદડાં [illegible] વાટી ઋતુ
સ્ત્રીને પ્રાશનાર્થે આપવાં, એટલે પુત્રપ્રાપ્તિ થાય છે. (૫) [illegible]
નો કાઢો નાખી દૂધ ઉકાળવું તથા તેમાં ઘી નાખી તે ઋતુસ્ના
સ્ત્રીને પ્રાશનાર્થે આપવું. (૬) કાંટાશેરિયાનાં મૂળ, પારસ [illegible]
વડની વડવાઈઓ તથા નીલકમળ, એ વાટી દૂધમાં પ્રાશનાર્થે આપ
(૭) પારસપીપળો અને [illegible] ચૂર્ણ [illegible]
[illegible] થાય છે. (૮) [illegible]
એ પાંચે દૂધમાં [illegible]
થાય છે; [illegible] નથી. (૯) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ચિન્હ ઉપરની ચિકિત્સા કરવી. (૧) જળો લગાડી રક્ત કાઢવું અને
પાટો બાંધવો (૨) કરંડળ (નાની ઇંદ્રવરણી) અથવા કડવી ઇંદ્રવરણીનાં
(મૂળ) ઘસી લેપ કરવો. (૩) નરમાના છોડનાં મૂળ તથા દુધિયું લોણું
(ગાયની) છાશમાં વાટી લેપ કરવો. (૪) હળદર તથા લોધરનાં કલ્કનો લેપ
કરવો. (૫) કડવી ઇંદ્રવરણીનાં મૂળ, કુંવારનાં મૂળ અને હળદર, એ ઘસી
ગરમ કરી લેપ કરવો. (૬) સમુદ્રશોષનાં પાંદડાં ગરમ કરી બાંધવાં.
(૭) ચીભડી કોઠીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો.
(સરગવાની) છાલ શેકી પાણીમાં નાખવી અને તેમાં લોખંડનો ટુકડો
વારંવાર તપાવી છમકારવો તથા તે પાણી ગાળી સવારે અને સાંજે
પીવા આપવું. (૯) એરંડમૂળ, બિજોરાનાં મૂળ, ગોખરુ, રીંગણી,
(ભોંય)રીંગણી અથવા ભોંયરીંગણી, લકડી પાષાણભેદ અને બીલીનાં
(મૂળ); આ સાત ઓષધોનાં મૂળનો કાઢો કરી એરંડિયું અને શેકેલી
હિંગ સિંધવ અને જવખારનું ચૂર્ણ નાખી તે પાવો એટલે સ્તન-
(શૂળ) તથા કમર, બાંધ, શિશ્ન, છાતી એ ઠેકાણે જે વાયુસંબંધી
(પીડા) થાય છે, તે દૂર થાય છે.

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:—ઉગેરિયાં-૩. ઇંદ્રવરણા
..., કપાસ-૬, કડોડી-૪, કાગીવેલ-૧, કુંવાર-૬, ચિત્રો-૬,
(ડી)ગેગો-૧૪, મીંઢળ-૮ મીંઢીઆવળ-૧૦, મોથ-૨, વાઘેરી-૭,
(હ)ળદર-૫, ૨૨ ની ટીપમાં નં. ૩.

સ્તન્ય (દૂધના) રોગ:—જડ અને દુષ્ટ એવા પ્રકારનાં
(દોષો)એ દુષ્ટ થઇ માતાનું અથવા ઉપમાતાનું દૂધ માફક આવતું
(ન) હોવાથી બાળકોને નાના પ્રકારના રોગો થાય છે. વાતાદિ દોષોએ
(દૂ)ષિત દૂધનાં લક્ષણો:—જે દૂધ તૂરું અને પાણી ઉપર તરનારું
(હો)ય છે તે વાતદૂષિત જાણવું. જે તીખું, ખાટું તથા ખારું હોય
(અને) ...ના ઉપર પીળી રેખાઓ દેખાય છે તે પિત્તદૂષિત સમજવું. જે
(ચીકણું) થઇ અને પરપોટાવાળું હોઇ પાણીમાં નાખવાથી તળિયે બેસે
(તે) કફદૂષિત જાણવું. બબ્બે દોષનાં લક્ષણો જેમાં દેખાય તે બબ્બે
(દોષ)થી દૂષિત જાણવું તથા જેમાં ત્રણે દોષોનાં લક્ષણો હોય છે તે
(ત્રિદોષ)દુષ્ટ જાણવું. શુદ્ધ દૂધનાં લક્ષણો:—જે દૂધ પાણીમાં ...

ધિ ઉપરની ચિકિત્સા કરવી. (૧) જળો લગાડી રક્ત કાઢવું અને
રા બાંધવો (૨) કવંડળ (નાની ઇંદ્રવરણી) અથવા કડવી ઇંદ્રવરણીનાં
ા ઘસી લેપ કરવો. (૩) નરમાના છોડનાં મૂળ તથા દૂધિયું કોળું
ધી) કાંજીમાં વાટી લેપ કરવો. (૪) હળદર તથા લોધરનાં કલ્કનો લેપ
રવો. (૫) કડવી ઇંદ્રવરણીનાં મૂળ, કુંવારનાં મૂળ અને હળદર, એ ઘસી
ગરમ કરી લેપ કરવો. (૬) સમુદ્રશોષનાં પાંદડાં ગરમ કરી બાંધવાં.
૭) વાંઝણી કંકોડીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો. (૮)
ીંપળાની છાલ શેકી પાણીમાં નાખવી અને તેમાં લોખંડનો ટુકડો
વારંવાર કારવો તથા તે પાણી ગાળી સવારે અને સાંજે
પીવા એરંડમૂળ, બિજોરાનાં મૂળ, ગોખરુ, રીંગણી,
ભોરી રીંગણી, લકડી પાષાણભેદ અને ખીલીનાં
પથોનાં મૂળનો કાઢો કરી એરંડિયું અને શેકેલી
જવખારનું ચૂર્ણ નાખી તે પાવો એટલે સ્તન-
બાંધ, શિશ્ન, છાતી એ ઠેકાણે જે વાયુસંબંધી
તે દૂર થાય છે.

ઉપચાર:—જુઓ વનૌ૦માં:—ઉગોરિયાં-૩. ઇંદ્રવરણા
૧, કંકોડી-૪, કાગીવેલ-૧, કુંવાર-૧, ચિત્રા-૧,
, મીંઢળ-૮ મીંઢીઆવળ-૧૦, મોથ-૨, વાકેરી-૭,
૨૨ ની ટીપમાં નં. ૩.

સ્તન્ય (દૂધના) રોગ:—જડ અને દુષ્ટ એવા પ્રકારનાં
દુષ્ટ થઇ માતાનું અથવા ઉપમાતાનું દૂધ માફક આવતું
ાથી બાળકોને નાના પ્રકારના રોગો થાય છે. વાતાદિકોએ
દૂધનાં લક્ષણો:—જે દૂધ તૂરું અને પાણી ઉપર તરનારું
હોય તે વાતદૂષિત જાણવું. જે તીખું, ખાટું તથા ખારું હોઇ
ઉપર પીળી રેખાઓ દેખાય છે તે પિત્તદૂષિત સમજવું. જે
ઘટ અને ચરબીવાળું હોઈ પાણીમાં નાખવાથી તળિયે બેસે
તે કફદૂષિત જાણવું. બબે દોષનાં લક્ષણો જેનાં દેખાય તે બબે
દોષથી દૂષિત જાણવું તથા જેમાં ત્રણે દોષનાં લક્ષણો હોય છે તે
ત્રિદુષ્ટ જાણવું. **શુદ્ધ દૂધનાં લક્ષણો:**—જે દૂધ પાણીમાં નાખ-

(૩) કમળાક્ષ (કમળકાકડી) વાટી, તે દૂધ અને સાકર સાથે પ્રાશનાર્થે આપવું; એટલે સ્ત્રીઓના સ્તન એક મહિનામાં ઘટ્ટ થાય છે.


વિશેષ ઉપચાર:—જુઓ પ્રા૦ઔ૦માં:—ખીરખાકડી–૮.

પથ્ય—રક્તપિત્ત ઉપર જે પથ્ય કિંવા અપથ્ય કહેલું છે, તે પ્રદર ઉપર પણ રાખવું. વાતવ્યાધિ ઉપર જે પથ્ય કહેલું છે તે; અને સાઠીચોખા, ઘઉં, જવ, ઘી, દૂધ, મધ, સાકર, ફણસ, કેળાં, આમળાં, દ્રાક્ષ, આલુ તથા મીઠા, શીતળ એવા પદાર્થ; કસ્તૂરી, ચંદન, કપૂર, પ્રિય એવાં અન્નપાન. **અપથ્ય**—શોક, ઊલટી, વાસી અન્ન, વિષમાસન, અતિમૈથુન, ક્ષાર પદાર્થ, આયાસ, ભાર ઊંચકવો, તીખા, ખાટા, કડવા, તૂરા અને વાતુલ પદાર્થો ગર્ભિણીએ વર્જ્ય ગણવા; કારણ વાતુલ પદાર્થ ભક્ષણ કરવાથી ગર્ભ જડ, ખૂંધો થાય છે. પિત્તલ પદાર્થો ભક્ષણ કરવાથી ગર્ભનું માથું વાળરહિત થાય છે અને તે પીળા વર્ણનો થાય છે; તથા કફકારક પદાર્થો ભક્ષણ કરવાથી ગર્ભ શ્વેતકુષ્ઠી અને પાંડુરોગી થાય છે.*



* 'સ્ત્રીઓના રોગ'નું પરિશિષ્ટ [illegible] સુરેશ વગાડી બહાર પડેલા '[illegible]' [illegible] પુસ્તકમાંથી લખ્યું છે.

બ્લીચિંગ પ્લાન્ટનાં મશીનો ક્યાંથી ખરી



સ્લેક પ્રોસેસ વોશિંગ મશીન

અમારી બનાવટનાં

કલાથ પ્રિન્ટિંગ, વોશિંગ, કેમિક, પેકિંગ, ઉગર, સ્ટાર્ચમેંગલ, ટેમ્પિંગ વગેરે મશીનો હિંદુસ્તાનની ઘણીખરી મિલોમાં ચાલે છે.

આ મશીનો તેમજ ટેક્સટાઇલ મશીનરીના દરેક જાતના સ્પેર પાર્ટસ તથા મશીનકટ ચક્કરો બનાવનારાઃ—

ઈશ્વરદાસ હરજીવનદાસ પંચાલ

અમદાવાદ.

અમારી રબ્બરની બનાવટો

૧ રબ્બર રોલર્સ
૨ એબોનાઈટ રોલર્સ
૩ રબ્બર બુશિંગ્સ
૪ રબ્બર વોશર્સ
૫ રબ્બર વાલ્વ્ઝ
૬ ,, રિંગ્ઝ
૭ ,, હાઈડ્રન્ટ રિંગ્ઝ
૮ ,, ગેજગ્લાસ રીન્સ
૯ ,, એન્ડ લેસ બેલ્ટ્સ

વગેરે ઉત્તમ પુરવાર થયા છે

" [illegible] "

અમારી રબ્બરની ખાસ ખૂબીઓ માટે હવે
વધારે જણાવવા જરૂર નથી.


ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

[illegible] —

ધી રબ્બર પ્રોડક્ટ્સ લિ.

મ. ૨


વ્રજ બિહારીનાં આકર્ષણ અનેરાં છે
બિહારી મીલના કાપડનાં
આકર્ષણ પણ
એવાંજ છે.


આર્યોદય સ્પીનીંગ
એન્ડ વીવીંગ કું. લિ.
અમદાવાદ

અરવિંદ


એટલે

અનોખા પરબ માટે

હિંદનું સૌથી વિખ્યાત કાપડ

જેવાં કે સુતરાઉ સાડીઓ - ધોતીયાં - શર્ટિંગ
ડ્રીલ - ક્રેપ - પોપલીન - નેનસુક - લોન - મલમલ
ટોઈલ અને વોયલ.

તમે જે કાપડ ખરીદો



તે ઉપર "આ" માર્કો જુઓ.

આ કામ સંબંધી વિચાર કરી જોયો. એને કામમાં ઘણું જોખમ લાગ્યું. પારકે ઘેર જઈ એના ઓરડામાંની પેટી ખોલવી એ કાંઈ ઓછી હિંમતનું કામ નહોતું. પણ તે અસાધારણ હિંમતવાળી બાળા હતી. એનો પિતા રામલાલ પોલીસમાં ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ હતો. રામલાલની હિંમત, બહારવટિયાઓની સામે થવાની છાતી અને બહાદુરી બતાવવાના પ્રસંગો હજી પણ પોલીસની નોંધમાં હતા. એને બે વખત સોનાના પોલીસ ચાંદ મળ્યા હતા. એ પંકાયેલો અધિકારી હતો. એને હથિયારોનો ઉપયોગ પણ સરસ આવડતો હતો. નાની મેના અને મદનલાલની માતા યુવાવસ્થામાં મરણ પામી હતી. આથી બંને બાળકો રામલાલ સાથે જ રહેતાં હતાં. ઘણી વખત પિતા સરક્યુટ ઉપર સરકારી કામની મુસાફરીએ નીકળતા ત્યારે બાળકો પણ સાથે જ જતાં હતાં. બહાદુર પિતા બાળકોને બહાદુરીની વાતો સંભળાવતો. એક ખરા સિપાઈનાં બાળકોને જે રીતે ઉછેરાય, તે રીતે પોતાનાં બાળકોને તે તાલીમ આપતો હતો. કેમ્પજીવનના બધો, રખડપટ્ટી, દોડમારીઓ અને સહનશક્તિ આ સર્વે આ બાળકોએ કેળવ્યાં હતાં. નાની મેનાને હથિયારોનો ઉપયોગ પણ થોડોઘણો આવડતો હતો.

રામલાલે બીજો વિવાહ કર્યો નહિ. મેનાને એણે મટ્રિક સુધી ભણાવી. મદનલાલને ભણવા માટે એણે લંડન મોકલ્યો. મદનલાલ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ થયો. પછી એણે ડોક્ટરી લાઈન લીધી. ને [illegible] પરીક્ષામાં પસાર થયો. લંડનમાં એક સાદી, સુશીલ અને બહુ રૂપાળી યુવતી સાથે પ્રેમમાં પડ્યો. ત્યાં વિવાહ કરી વિલાયતના એક નાનકડાં પ્રેક્ટિસ કરતો હતો. એને હિંદ આવવું ગમતું નહોતું. એ દરમ્યાનમાં જ પિતા એક બહારવટિયા સાથેની ઝપાઝપીમાં ઘાયલ થયા. [illegible]

[illegible]

છેલ્લાં ૩૩ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

સંવત ૨૦૦૦] વાર્ષિક લવાજમ રૂ. ૬—૪—૦ પોસ્ટેજ માફ [વર્ષ ૩૩ મું

★

[illegible] પાન ૨૦૦૦નું
[illegible] ૪ થી ૬
પુસ્તકો [illegible]

[illegible]

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

[illegible]

સંતપુરુષોનાં ચરિત્રો

મહર્ષિ દયાનંદ	...	૧–૦
સ્વામી સહજાનંદ	...	૦–૧૨
ગુરુ નાનક	... ...	૦–૬
બુદ્ધચરિત ને સંતપુરુષો		૨–૦
રામકૃષ્ણ પરમહંસ–ચરિત		૨–૮
સ્વામી વિવેકાનંદ	...	૩–૦
સ્વામી રામતીર્થ ખંડ ૪		૩–૦
સંત તુકારામ	... ...	૨–૮
ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧		૧–૮
[illegible] અને [illegible]		૧–૮
સ્વામી બ્રહ્માનંદ અને [illegible] ચરિત્ર		૧–૬
[illegible] ને [illegible] ચરિત્રો		૧–૦
[illegible]		[illegible]
[illegible]		૧–૮
[illegible]		૨–૪
[illegible]		૧–૪

[illegible]

[illegible]

સ્વર્ગનો ખજાનો...	...	૧–૦
સ્વર્ગનો પ્રકાશ...	...	૧–૦
સ્વર્ગની જિંદગી	...	૧–૦
સંસારમાં સ્વર્ગ	...	૧–૦
સ્વર્ગનો આનંદ	...	૧–૦
સ્વર્ગની સીડી	...	૧–૦
સ્વર્ગની સડક ...	...	૧–૦

ઐતિહાસિક ને સાહિત્ય

સાહિત્યપ્રારંભિકા	...	૧–૦
[illegible]ની વાર્તાઓ	...	૨–૦
ભારતના વીરપુરુષો	...	૧–૦
વીર દુર્ગાદાસ ને [illegible]		૧–૦

[illegible] ને [illegible]

સંસારમાં સુખ ક્યાં છે?		૧–૦
[illegible]	...	૧–૦
[illegible]	...	૧–૦
[illegible]	...	[illegible]

[illegible]

હતો. સ્વભાવે શાંત અને સાધારણ વિચારવાન હતો. બહુ બુદ્ધિમાન પણ નહિ, તેમ બુદ્ધિ વગરનો પણ નહોતો. શરીરે ભરેલો પણ સહેજ ટૂંકા દેખાવનો હતો. એના હૃદયમાં હેત હતું. પોતાના કુંટુંબીજનો પ્રત્યે સદ્‌ભાવ હતો. પત્ની પ્રત્યે પ્રેમ હતો. માતાપિતાનો આજ્ઞાપાલક પુત્ર હતો. પત્નીમાં જે દૃઢતા અને ધૈર્ય હતાં તેટલાં પતિમાં નહોતાં. પરંતુ સાધારણ પુરુષોથી સહેજ ચડે એવા ગુણો એ ધરાવતો હતો. આધુનિક યુવક હોવા છતાં, ધનવાન છતાં એનામાં એક જ વ્યસન હતું. એ માત્ર સિગારેટ પીવાનો શોખીન હતો. એની ચામડીનો રંગ ગૌર અને ચળકતો હતો. રમણલાલને વર્તમાનપત્રો વાંચવાનો શોખ હતો. શારીરિક કસરતો અથવા રમતગમતો એને પણ બહુ પસંદ નહોતી. ક્યારેક સિનેમા જોતો. પરંતુ દરરોજ ચારપાંચ માઈલ સાયકલ ઉપર ફરી આવવાનો શોખ એને નાનપણથી જ હતો. એની તંદુરસ્તી સામાન્ય પ્રકારની હતી.

મેના શક્તિશાળી બાળા હતી. તે હિંમતવાન, દૃઢનિશ્ચયી, તીવ્રબુદ્ધિવાળી અને કામ પાછળ એકાગ્રતાના ગુણ ધરાવતી હતી. એ શરીરે સીધા સોટા જેવી—નહિ પાતળી ને નહિ જાડી એવી હતી. એની ચામડી સહેજ શ્યામ વર્ણની હતી. પરંતુ આંખો ભવ્ય અને આકર્ષક હતી. મોઢા ઉપર સચ્ચાઈ અને હૃદય દયાળુ હતું. મેના મેટ્રિક થઈ હતી. એને વાચનનો ભારે શોખ હતો. રાત્રે પુસ્તક વગર એને ઊંઘ આવતી નહિ. એના વાચનના વિષયો ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોમાં જીવનચરિત્રો, આરોગ્ય, ઇતિહાસ વગેરેનાં હતાં. ક્યારેક સારી નવલકથાઓ પણ ગમતી હતી. બપોરબાદ ઘરમાં નાની વહુને સમય મળે નહિ. પરંતુ ગમે તેમ સમય મેળવીને એ વાંચી લેતી હતી. એનો બીજો શોખ [illegible] હતો. મોટા [illegible]

"તારે સ્વાદ ચાખવો હોય તો મારી ના નથી. હું જાણું છું કે તું સહેજે માનવાની નથી. મારી એક વાત સાંભળ."

"શું છે? જલદી કરો."

"હું તને અહીં કેદ રાખી શકીશ. મારો નોકર મારા એક ઇશારાથી જ તારા સસરા અને જ્ઞાતિના આબરૂદારોને તેડી અહીં ઊભા કરશે. તું એક જ ઓરડામાં મારી સાથે એકાંતમાં મળશે તો તારી શી આબરૂ વધશે? વિચાર કરી જો. મને છંછેડવામાં સાર છે કે પ્રસન્ન કરવામાં? આ ઓરડાના દરવાજા એક યુક્તિથી બંધ થાય છે. અજાણ્યાથી એ ખોલી શકાતા નથી. જો ખોલી જો."

મેનાએ મજબૂત દરવાજો ખોલવા પ્રયત્ન કર્યો. પરંતુ સફળતા મળી નહિ.

"તારે માટે મારી મહેરબાની મેળવવા વગર અને મને ખુશી કર્યા વગર બીજો કોઇ ઉપાય નથી. મારો પ્રેમ કેટલો કીમતી છે તે તને પાછળથી જણાશે. એ જેટલો આનંદદાયક છે તેટલો જ મનકામના પૂર્ણ કરનારો છે."

મેના મનમાં મૂંઝાઈ. તેણે આસપાસ નજર કરી. છેલભાઈની ચાંદીની મૂઠવાળી લાકડી એના જોવામાં આવી. એણે જલદી ઉપાડીને છેલભાઇને મારવા ઉગામી. પરંતુ છેલભાઈ કૂદકો મારીને બીજા ઓરડામાં દોડી ગયો અને બારણાં બંધ કરી દીધાં.

મેના બરાબર મૂંઝાઇ હતી. આમાંથી આબરૂભેર બહાર કેમ નીકળવું તે એને વિચાર થઈ પડ્યો. રાધાનાં કાગળિયાં લેવા એ આવી હતી. વસંતને એણે ખૂબ પ્રસન્ન કરીને પોતાને અનુકૂળ બનાવી લીધો. વસંતને લઈને એ એની સાથે છેલભાઈના ઓરડામાં ગઈ હતી. વસંત તેને [illegible] બનાવવા ગઈ.

મેનાને [illegible] ની [illegible] આશીષી [illegible] પોતાના [illegible]

"તારે સ્વાદ ચાખવો હોય તો મારી ના નથી. હું જાણું છું કે તું સહેજે માનવાની નથી. મારી એક વાત સાંભળ."

"શું છે ? જલદી કરો."

"હું તને અહીં કેદ રાખી શકીશ. મારો નોકર મારા એક ઇશારાથી જ તારા સસરા અને જ્ઞાતિના આબરૂદારોને તેડી અહીં ઊભા કરશે. તું એક જ ઓરડામાં મારી સાથે એકાંતમાં મળશે તો તારી શી આબરૂ વધશે ? વિચાર કરી જો. મને છંછેડવામાં સાર છે કે પ્રસન્ન કરવામાં ? આ ઓરડાના દરવાજા એક યુક્તિથી બંધ થાય છે. અજાણ્યાથી એ ખોલી શકાતા નથી. જો ખોલી જો."

મેનાએ મજબૂત દરવાજા ખોલવા પ્રયત્ન કર્યો. પરંતુ સફળતા મળી નહિ.

"તારે માટે મારી મહેરબાની મેળવવા વગર અને મને ખુશી કર્યા વગર બીજો કોઇ ઉપાય નથી. મારો પ્રેમ કેટલો કીમતી છે તે તને પાછળથી જણાશે. એ જેટલો આનંદદાયક છે તેટલો જ મનકામના પૂર્ણ કરનારો છે."

મેના મનમાં મૂંઝાઈ. તેણે આસપાસ નજર કરી. છેલભાઈની ચાંદીની મૂઠવાળી લાકડી એના જોવામાં આવી. એણે જલદી ઉપાડીને છેલભાઈને મારવા ઉગામી. પરંતુ છેલભાઈ કૂદકો મારીને બીજા ઓરડામાં દોડી ગયો અને બારણાં બંધ કરી દીધાં.

મેના બરાબર મૂંઝાઈ હતી. આમાંથી આબરૂભેર બહાર કેમ નીકળવું તે એને વિચાર થઈ પડ્યો. રાધાનાં કાગળિયાં લેવા એ આવી હતી. વસંતને એણે ખૂબ પ્રસન્ન કરીને પોતાને અનુકૂળ બનાવી લીધો. વસંતને લઈને એ એની સાથે છેલભાઈના ઓરડામાં ગઈ હતી. વસંત નીચે [illegible]

[illegible]

[illegible] નાની [illegible] આવીથી એવું

[illegible] પોતાના [illegible]

[illegible] પોતાની

[illegible] કહેવા.

સંવત: ૨૦૦૦
પ્રત : ૪૫૦૦

મુદ્રક અને પ્રકાશક:
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર
સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. રાયખડ :: અમદાવાદ

બીજો પુત્ર ધનવંત એંજિનિયરની સેકન્ડ ક્લાસની પરીક્ષા પાસ કરી આવ્યો હતો. પોતાની મિલમાં એંજિનિયર હતો. પોતાની મિલ, સાંજે સિનેમા અને રાત્રે ક્લબ એ એનાં ત્રણ તીર્થસ્થળો હતાં. એને નાતજાતનો ભેદ નહોતો. એટલે કુટુંબના આચારોનો ધનવંત ચોરો ઘાતક હતો. બાપાજી તો એને બહુ જ થોડું બોલાવતા હતા. ક્યારેક કોઈ સ્પર્શાસ્પર્શના દોષ માટે ક્લબમાં અંગત એવાં વિશેષણો પિતા તરફથી એને શરપાવ પણ મળતો હતો. સંસારમાં એ ઝાઝું માથું મારતો નહિ. એની સ્ત્રી માલતી જેને 'મીંઢી' કહેવાય છે તેવા સ્વભાવની સ્ત્રી હતી. તે પોતાનું કામ કાઢી લેવામાં ચાલાક હતી. સ્વાર્થ માટે ચતુરાઈભરેલી લુચ્ચાઈ એને આવડતી હતી. પોતે નિર્દોષ રહીને લલિતા ઉપર બરાબર સર્વે અપયશનો ટોપલો ઢોળી દેતાં એને આવડતો હતો. સાસુને વહાલી થવા માટે ચાડીચૂગલીનો ઉપયોગ પણ કરતી હતી. સાસુ બધાની કિંમત સમજતી હતી. સંસારના નાવને ચલાવવા જેવો જોઈએ તેવો તે સૌનો ઉપયોગ કરતી હતી.

ઘરમાં નાનાં નાનાં બાળબચ્ચાં પુષ્કળ હતાં. એમને માટે બે ગાડીઓ પણ હતી. સ્કૂલે મૂકવા, ફરવા તેડી જવા, દર્શને જવા વગેરે કામો માટે ગાડીઓ વપરાતી હતી. શહેરમાં કુટુંબ માટે રહેવાનું ઘર બહુ સગવડભરેલું હતું. વૈષ્ણવ કુટુંબ હતું, છતાં સ્વચ્છતા અને આરોગ્યની દૃષ્ટિ બરાબર સચવાતી નહિ. ઘરનાં ફર્નિચર-રાચરચીલું પણ કીમતી હતું. છતાં તે બરાબર સ્વચ્છ રખાતું નહિ. રસોઇયો ત્રણ ને નોકરો હતા. ગાડીવાળા અને એક દાસી પણ હતાં. પરંતુ ઘરના સંસ્કાર જૂના ઢાંચા ઉપર હતા. આધુનિકતા પ્રવેશ અને [illegible]

તથા સામાજિક કાર્યોમાં સમય જતો હતો. સ્ત્રીમંડળમાં ભાગ લેવાનો કે કોઈ સંસ્કૃતિની હિલચાલમાં ભાગ લેવાના પ્રસંગોનો ક્યારેય પણ લાભ લેવાતો નહિ. સ્ત્રીઓ એ માર્ગે જાય એવી વડીલની ઇચ્છા નહોતી. યુવકો આધુનિકતામાં બહાર મહાલતા છતાં પણ પોતાની સ્ત્રીઓ માટે એ દ્વારો ખોલવાની હિંમત એમનામાં નહોતી. સ્ત્રીઓ બાળકો ઉત્પન્ન કરનારાં યંત્રો હતી. પોતાના ઘરની અંદર ગોંધાઈ રહેતી હતી. માત્ર દેવદર્શને કે સામાજિક કાર્યો માટે બહાર જઈ શકતી હતી. ઘરમાં સર્વે યુવતીઓ ભણેલી હતી. પરંતુ પુસ્તકોની દુનિયા આ ઘરમાં નહોતી એટલે બધું કટાઈ જતું હતું.

આવા ઘરમાં છેલ્લા પંદર માસ થયાં મેના પરણીને આવી હતી. એ સ્વતંત્ર વાતાવરણમાંથી આવી હતી. એના પિતાએ એને સારી મર્યાદિત સ્વતંત્રતા આપી હતી. એનું પરણ્યા પહેલાંનું જીવન સ્વતંત્ર હતું. સખીઓ હતી, સંગીત હતું, વાચન હતું, સ્ત્રીમંડળોમાં અગ્રગણ્ય ભાગ લેવો, સ્ત્રી–માસિકોમાં લેખો મોકલવા, ક્યારેક ભાષણો આપવાં, નિબંધોની હરીફાઈમાં ઊતરવું, ક્યારેક સ્કૂલનાં નાટકોમાં ઊતરવું, ક્યારેક મેળાવડાઓનો પ્રબંધ કરવો, યુવતી સ્વયંસેવિકા તરીકે કામ કરવું—આવાં આવાં કામોમાં સોળ વરસની ઉંમર પસાર થઈ હતી. સત્તરમા વર્ષે એણે જુદા જ વાતાવરણમાં પ્રવેશ કર્યો. મેના ઉદ્યોગશીલ હતી. એના સ્વભાવને પ્રવૃત્તિ જોઈતી હતી. સસરાના ઘરમાં આવ્યા પછી બાળકોનાં કપડાં સીવવાં, બાળકોને શિક્ષણમાં સહકાર આપવો, સાસુજીને ઠાકોરસેવાના પદાર્થો તૈયાર કરી આપવા, બાળકો માટે [illegible] ગૂંથવાં, સૌ વહુઓને માટે ફેશનેબલ ઢોગ ભરી આપવી, તુલસીના છોડનાં કૂંડાં ઉછેરવાં, ઘરને સ્વચ્છ ગોઠવવાની દેખરેખ રાખવી, [illegible]

સુમનલાલનું ઘર ધનવાન, પ્રતિષ્ઠાવાન અને સજ્જન ગણાતું હતું. સુમનલાલ મહાજનમાં સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા. હાથના પણ ઉદાર હતા. દરેક ધાર્મિક પ્રવૃત્તિમાં સારી રીતે પૈસા આપતા હતા. એમના રાજ્યદ્વારી વિચારો ઉદારમતવાદી હતા. ઉદારમતવાદી મંડળમાં પૈસા પણ આપતા હતા. કોંગ્રેસ તરફ ભાવ નહોતો તેમ અભાવ પણ નહોતો. મહાત્માજી તરફ દેખીતી અવગણના બતાવતા નહિ. પરંતુ ધાર્મિક વિચારો સંબંધી એમનો ઉઘાડો વિરોધ હતો. તેમાં પણ હરિજનોને મહાત્માજીએ જે માથે ચડાવ્યા છે તે માટે તેમને બહુ લાગી આવતું હતું. માધુભાઈ પોતાના વોર્ડ તરફથી મ્યુનિસિપાલિટીમાં સભ્ય તરીકે ઊભા રહ્યા હતા. તેઓ ચૂંટાઈ પણ ગયા હતા. આ વરસ મિલો માટે તેજીનું હતું. સુમનલાલ સારું કમાયા હતા. એમને હવે બીજી મિલ બનાવવાની લેહ લાગી હતી. પરંતુ માધુભાઈ આ સમય અનુકૂળ ગણતા નહોતા. એમની સલાહ હતી કે તેજીના સમયમાં મિલ લેવી નહિ. પણ જ્યારે ખૂબ મંદી પ્રવર્તતી હોય ત્યારે જ મિલ ખરીદ કરવી. માધુભાઈ વડીલને સમજાવી લેતા હતા.

માધુભાઈને પણ પોતાની મિલનો વહીવટ ચલાવવાનો ચિંતાજનક પ્રશ્ન હતો. મજૂરોનો પ્રશ્ન ભારે કઠિન અને સમસ્યાઓથી ભરેલો હતો. સુમનલાલ મજૂરોને અડેનતાણા સિવાય બીજી કોઈ પણ સગવડ આપવા રાજી નહોતા. મજૂરોને બધ્યાં કે સારી ચાલીની સગવડ આપવા રાજી નહોતા. માધુભાઈ પણ ઉદાર વિચારના નહોતા એમ છતાં બહારનું વાતાવરણ સમજી શકતા હતા. સમયને ઓળખીને તેઓ 'વા તેવી પીઠ' દેતા હતા.

નહિ. એ વિષયમાં મારું મન દૃઢ છે. મારે ત્યાં જવાની ફરજ પડી
એ દુષ્ટે એનો અયોગ્ય લાભ લેવાની તક શોધી. હું એની સાથે દર્દ
એ મને પૂરીને બીજા જોડેના ઓરડામાં ચાલ્યો ગયો. એણે ટેલિ-
ફોનથી પોતાના માણસોને કહી સસરાજી અને બીજાઓને ત્યાં આ
બનાવો જોવા બોલાવી મંગાવ્યા. મને ત્યાંથી નાસી છૂટવાનો કોઈ
ઉપાય મળ્યો નહિ, એટલે હું ત્યાં પુરાઈ રહી હતી. પરંતુ હું કોઈ
રીતે તેની ઈચ્છાને તાબે થાઉં તેમ નહોતું."

"પણ વહુ, જગત તો સાબિતી માગશે ને ?"

"મારી પાસે સાબિતી નથી. મારા વચન ઉપર જો વિશ્વાસ
હોય તો સાબિતીની જરૂર પણ નથી. છતાં બીજી સાબિતી હું શી
આપી શકું ?"

"મારી પાસે બધી વાત ખુલ્લા દિલથી કહે તો કોઈ રસ્તો પણ
નીકળે. પહેલાં તું એ ઘેર શા માટે ગઈ હતી, તે પણ ચોખ્ખું કર્યું
નથી. એટલે મારા મનનું સમાધાન થાય તો જ હું સર્વેનું સમાધાન
કરી શકું. આ તો બારીક અને જીવનની મોટામાં મોટી તક છે. એ
જતી કરવામાં ડહાપણ નથી."

"હું પણ સમજી શકું છું. પરંતુ બીજા પણ આ વાતમાં
સંડોવાય છે. તેમની ગુપ્ત વાતો હું કોઈ રીતે પ્રગટ કરી શકું નહિ
એટલે મને ક્ષમા કરો."

"મારે ક્યાં ક્ષમા કરવાનો સવાલ છે ! આ તો કુટુંબની આબરૂ
નો સવાલ છે. એમાં સ્પષ્ટતા અને શુદ્ધ હૃદય જોઈએ."

"માતુશ્રી! આ સિવાય મારે કંઈ ઉમેરવાનું નથી. હું કંઈ
વધારે કહી શકું તેમ નથી."

"અમારે માથે મોટું [illegible] આવી પડ્યું છે. વહુ જેવી
વહુ ઉપર અપવાદ આવ્યો છે [illegible] અપવાદ દૂર કરવામાં તું અમને
મદદ આપતી નથી."

"લોકોના અપવાદને [illegible] [illegible] મારા પોતાના ખાતરી [illegible] મંજૂર ન
[illegible] હોય તો !"

બાપાને તસ્દી આપવી નહિ. એમનો સ્વભાવ આખાબોલો છે. એટલે તડ ને ફડ કરી નાખશે."

"બાપા, અમને વહુને બોલાવવાની પરવાનગી આપશો? અમે તમારી સંમતિ વગર કોઈ પણ જાતનું પગલું નહિ ભરીએ. પાકી તપાસ કરવાની જરૂર તો તમને પણ લાગતી હશે જ."

"જેમ તમારી મરજી, પણ એ વહુ હવે આપણા ઘરને યોગ્ય રહી નથી."

બાપા પોતાની બેઠકમાં ચાલ્યા ગયા. સાસુએ મેનાને બોલાવી. આ ઘરમાં લાજ કાઢવાનો રિવાજ નહોતો. વહુ માથું નીચું રાખીને સાસુની પાસે બેઠી.

"વહુ! જો તારી માતા નથી. હું જ તારી માતા છું. કાંઈ છુપાવતી નહિ. જે બન્યું હોય તે સાચેસાચું કહી દે. માધુ, તું ચાલ્યો જા. બોલાવું ત્યારે આવજે."

માધુભાઈ ચાલ્યા ગયા.

"બોલ, વહુ! હવે જે કંઈ તારે કહેવું હોય તે કહેજે. હું સાંભળવા તૈયાર છું. તું શા માટે એવા ખરાબ માણસને ઘેર ગઈ હતી?"

"માતુશ્રી! કેટલીક વખત કેટલાક સંયોગો માણસને અજાણ્યે કેકાણે અને અયોગ્ય સ્થળે પણ મોકલે છે. મને પણ સંયોગોએ ત્યાં મોકલી હતી."

"એ સંયોગો શું હતા?" મીઠાશથી સાસુએ પૂછ્યું.

"એ સંયોગો મારે માટે નહોતા. કોઈના ઉપર ઉપકાર કરવા માટેના હતા. પરંતુ એ વાત બીજાના ખાનગી હોવાથી હું ખુલ્લી [illegible] નથી.

[illegible] એ [illegible] નહોતા તો [illegible] હોય જ નહિ. [illegible]
[illegible] નહિ.

એની [illegible] પણ [illegible] કહી [illegible]
[illegible]

પાપ તો મંજૂર કરાવવા જેટલું દબાણ પણ હું કરતી નથી. મને લોકાપવાદનો ડર નથી, ભવિષ્યનો પણ ડર નથી. મારા હૃદયનો ડર છે. પરંતુ આ સમયે તો હું મારા અંતઃકરણ પાસે નિર્દોષ છું. એટલે જે કાંઈ પરિણામ આવે તે ભોગવી લેવા માટે તૈયાર છું."

"આમ નહિ ચાલે, તારે અમને કંઇક મદદ કરવી પડશે."

"શી મદદ આપ માગો છો?"

"બધી વાત મને ખોલીને કહી દે."

"પારકી વાત હું તમને કદાચ કહું તો પણ તમારે સસરાજી અને જેઠજીને કહેવી જ પડશે. એક કાનથી બીજે કાને જાય તો ક્યારેય પણ ખાનગી રહી શકયું છે? હું કોઈના કારણસર એ ઘેર ગઈ હતી. કારણ પણ પૂરું થયું. પરંતુ એ દુષ્ટે તાગડો રચી મારી પ્રતિષ્ઠાને જોખમમાં નાખી. કોઈની ગુપ્ત વાત છુપાવ્યા સિવાય બીજી બધી હકીકત કહેવામાં મને વાંધો નથી. શા માટે ગઈ હતી, તે હું કહેવા માગતી નથી."

"મૂળ જ ન બતાવે અને શાખાઓ બતાવે તેમાં શો ફાયદો? સાંકળનો મુખ્ય અંકોડો તો ખૂટે છે."

"માતુશ્રી, હવે આ વાતમાં માલ નથી. જો ઘરની વહુના વચન ઉપર વિશ્વાસ હોય તો તમે તેવો નિર્ણય કરી શકો છો. નહિ તો અમે તેવો નિર્ણય કરી શકો છો. મારું હૃદય શુદ્ધ છે એટલે પરમાત્મા મને જાતે માર્ગદર્શક થશે. મને કોઈ વાતનો અંદેશો નથી."

માતુશ્રીએ માધુભાઈને બોલાવ્યા. વહુની બધી વાત કહી. વહુ ત્યાં શા માટે ગઈ હતી, તેનું સાચું કારણ તે સ્પષ્ટ કરતી નથી. ગોળ ગોળ વાતો કરે છે એમ બધી વાત કરી.

"જુઓ બેટા, તમારી સાથે બોલવાની ટેવ નથી. પરંતુ આવા ધર્મસંકટ સમયે હું તમને નાની બહેન ગણીને વિનતી કરું છું. અમારો હાથ મજબૂત કરો. જગત પાસે છાતી કાઢી ચાલવાની તક અમને આપો. કુટુંબની પ્રતિષ્ઠા તમારો પણ ભાગ છે. આ ભાગને તમે સાર્થક કરો, એવી મારી ઇચ્છા છે."

નહિ. એ વિષયમાં મારું મન દૃઢ છે. મારે ત્યાં જવાની ફરજ પડી. એ દુષ્ટે એનો અયોગ્ય લાભ લેવાની તક શોધી. હું એની સામે થઈ. એ મને પૂરીને બીજા જોડેના ઓરડામાં ચાલ્યો ગયો. એણે ટેલિફોનથી પોતાના માણસોને કહી સસરાજી અને બીજાઓને ત્યાં આ ભવાડો જોવા બોલાવી મંગાવ્યા. મને ત્યાંથી નાસી છૂટવાનો કોઈ ઉપાય મળ્યો નહિ, એટલે હું ત્યાં પુરાઈ રહી હતી. પરંતુ હું કોઈ રીતે તેની ઇચ્છાને તાબે થાઉં તેમ નહોતું."

"પણ વહુ, જગત તો સાબિતી માગશે ને ?"

"મારી પાસે સાબિતી નથી. મારા વચન ઉપર જો વિશ્વાસ હોય તો સાબિતીની જરૂર પણ નથી. છતાં બીજી સાબિતી હું શી આપી શકું ?"

"મારી પાસે બધી વાત ખુલ્લા દિલથી કહે તો કોઈ રસ્તો પણ નીકળે. પહેલાં તું એ ઘેર શા માટે ગઈ હતી, તે પણ ચોખ્ખું કરતી નથી. એટલે મારા મનનું સમાધાન થાય તો જ હું સર્વેનું સમાધાન કરી શકું. આ તો બારીક અને જીવનની મોટામાં મોટી તક છે. એને જતી કરવામાં ડહાપણ નથી."

"હું પણ સમજી શકું છું. પરંતુ બીજા પણ આ વાતમાં સંડોવાય છે. તેમની ગુપ્ત વાતો હું કોઈ રીતે પ્રગટ કરી શકું નહિ. એટલે મને ક્ષમા કરો."

"મારે કયાં ક્ષમા કરવાનો સવાલ છે ? આ તો કુટુંબની આબરૂનો સવાલ છે. એમાં સ્પષ્ટતા અને શુદ્ધ હૃદય જોઈએ."

"માતુશ્રી ! આ સિવાય મારે કંઈ ઉમેરવાનું નથી. હું કંઈ વધારે કહી શકું તેમ નથી."

"અમારે માથે મોટું ધર્મસંકટ આવી પડ્યું છે. વહુ જેવી વહુ ઉપર અપવાદ આવ્યા છે. તે અપવાદ દૂર કરવામાં તું અમને મદદ આપતી નથી."

'લોકોના અપવાદને કારણે [illegible] પોતાની બાળકી [illegible]

નિવેદન

સ્ત્રીઓના હિતની વિચારણા એટલે જનસમાજના હિતની વિચારણા. કારણ સ્ત્રીઓ વસ્તીનો અર્ધો ભાગ છે એટલું જ નહિ પણ તેઓ પુરુષોની સાથે રહેલી અને કૌટુંબિક જીવનમાં બધી રીતે સંકળાયલી હોઇને રાષ્ટ્રનું અને પ્રજાનું જ સ્વરૂપ છે. પત્ની અને માતા તરીકે તેમનું મનુષ્યજીવનમાં કેન્દ્રસ્થાન છે. ભારતની સ્ત્રીઓએ જ ભારતની સંસ્કૃતિ જાળવી રાખી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તમારાં દાદીમા કે નાનીમાને યાદ કરો. તેઓ વાંચી શકતાં નહોતાં પણ પ્રતાપી અને દુનિયાને સમજનારાં હતાં. એમના ડોસીશાસ્ત્રમાં ઘણું ઉપયોગી જ્ઞાન સમાઈ જતું હતું. આજની અર્ધદગ્ધ કેળવણી પામેલી છોકરીઓ કદાચ આ વાત સમજી પણ નહિ શકે. પોતાનું હોય તે જાળવીને બીજાનાં જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કૃતિ મેળવવાં એ તો ઉત્તમ જ છે; પણ અર્ધદગ્ધપણું તો તે છે કે જેમાં પોતાનું ખોઇને બીજાનું મેળવાય. અથવા તો જેમ પશ્ચિમના અનિષ્ટ પ્રસંગોની અસર નીચે થઈ રહ્યું છે તેમ. પોતાનું [illegible] અને [illegible] નહિ

[illegible]

થાય તો મંજૂર કરાવવા જેટલું દબાણ પણ હું કરતી નથી. મને લોકાપવાદનો ડર નથી, ભવિષ્યનો પણ ડર નથી. મારા હૃદયનો ડર છે. પરંતુ આ સમયે તો હું મારા અંતઃકરણ પાસે નિર્દોષ છું. એટલે જે કાંઈ પરિણામ આવે તે ભોગવી લેવા માટે તૈયાર છું."

"આમ નહિ ચાલે, તારે અમને કંઇક મદદ કરવી પડશે."

"શી મદદ આપ માગો છો?"

"બધી વાત મને એકલીને કહી દે."

"પારકી વાત હું તમને કદાચ કહું તો પણ તમારે સસરાજી અને જેઠજીને કહેવી જ પડશે. એક કાનથી બીજે કાને જાય તો ક્યારેય પણ ખાનગી રહી શક્યું છે? હું કોઈના કારણસર એ ઘેર ગઈ હતી. કારણ પણ પૂરું થયું. પરંતુ એ દુષ્ટે તાગડો રચી મારી પ્રતિષ્ઠાને જોખમમાં નાખી. કોઈની ગુપ્ત વાત છુપાવ્યા સિવાય બીજી બધી હકીકત કહેવામાં મને વાંધો નથી. શા માટે ગઈ હતી, તે હું કહેવા માગતી નથી."

"મૂળ જ ન બતાવે અને શાખાઓ બતાવે તેમાં શો ફાયદો? સાંકળનો મુખ્ય અંકોડો તો ખૂટે છે."

"માતુશ્રી, હવે આ વાતમાં માલ નથી. જો ઘરની વહુના વચન ઉપર વિશ્વાસ હોય તો તમે તેવો નિર્ણય કરી શકો છો. નહિ તો ગમે તેવો નિર્ણય કરી શકો છો. મારું હૃદય શુદ્ધ છે, એટલે પરમાત્મા મને જાતે માર્ગદર્શક થશે. મને કોઈ વાતનો અંદેશો નથી."

માતુશ્રીએ બાપુભાઈને બોલાવ્યા. વહુની બધી વાત કહી. વહુ ત્યાં શા માટે ગઈ હતી, તેનું સાચું કારણ તે ખુલ્લું કરતી નથી. ગોળ ગોળ વાતો કરે છે એમ બધી વાત કરી.

"જુઓ બેટા, તમારી સાથે બોલવાની ટેવ નથી. પરંતુ આવા ધર્મસંકટ સમયે હું તમને નાની બહેન ગણીને વિનંતી કરું છું. અમારા હાથ મજબૂત કરો. જમન પાસે છાની કાઢી ચાલવાની તક અમને આપો. કુટુંબની પ્રતિષ્ઠામાં તમારો પણ ભાગ છે. આ ભાગને તમે સાર્થક કરો, એવી મારી ઇચ્છા છે."

"વડીલશ્રી! તમારા સ્નેહને હું જાણું છું. પરંતુ પારકી પ્રતિજ્ઞા, સત્ય અને વચનથી હું બંધાયેલી છું. એટલે મારી પ્રતિજ્ઞાને લીધે પણ હું વિશેષ ખુલાસો આપી શકતી નથી."

"સંસારમાં પ્રવેશ કરતી એક યુવતીની પ્રતિજ્ઞાનો પ્રશ્ન એ એને મન કેવો ગંભીર હોઈ શકે તે હું સમજી શકું છું. પરંતુ તે સર્વેનો વિચાર કર્યા પછી પણ તું કોઈ રીતે આ વિષય ઉપર વધારે અજવાળું નાખી શકવા સ્વતંત્ર નથી."

હવે વધારે પૂછપરછ કરવી નિરર્થક સમજીને વહુને જવાની રજા આપી.

બપોરના નિદ્રા લઈ વડીલ ઊઠ્યા એટલે ફરી કુટુંબની ધારાસભા મળી. સર્વે વાત ત્યાં ફરીથી ચર્ચાઈ. વડીલનો મત વહુને કાઢી મૂકવાનો થયો. માણેકભાઈનો મત થોડો સમય હજી રાહ જોવાનો હતો. આનંદીમાનો મત વહુને પોતાની સાથે ચાર માસ તીર્થયાત્રા કરવા મોકલવાનો થયો. સૌના મતો જુદાજુદા થયા.

"એ વહુ આપણા ઘરને યોગ્ય નથી. એને રજા આપી દે. મારા દીકરાને એકસો ને એક કન્યા મળશે. શા માટે બીજા વિચાર કરો છો?" વડીલે બાંગરો વાળ્યો.

"વહુ જેવી વહુને એમ કાઢી મુકાય નહિ. એમાં આપણી શોભા નથી," આનંદીબાઈએ કહ્યું.

"પણ એણે કેવું કૂડું કામ કરી આપણી લાજ ગુમાવી છે તેનું કંઈ નહિ?"

"[illegible] ઉતાવળ સારી નથી. [illegible] વહુ દોષિત હોય એવું હું માનતી નથી. બાકી [illegible] અભિપ્રાય છે."

[illegible]

છેવટે ત્રણે ય જણ એકમત ઉપર આવ્યાં. વહુને હમણાં પિયેર મોકલી દેવી. ચાર માસ પછી શું કરવું તેની ફરી ચર્ચા કરીને નક્કી કરવું. વહુનાં માબાપ નથી. પણ બાપના વૃદ્ધ કાકા છે. ઘરનું ઘર છે. મિલના શેરો છે. એટલે કંઈ વાંધો આવશે નહિ.

માધુભાઈ અને એની માતુશ્રીની એક જ ગાંઠ હતી. ચાર માસ પછી વહુને ઘેર તેડાવી લેવી. માત્ર સુમનરાયની જિદ્દ સામે એમને અત્યારે નમતું આપવું પડયું હતું. પાછળથી વૃદ્ધને સમજાવી લેવાની એમને પાકી ખાતરી હતી. હમણાં વાત ઢંડી પાડવી હતી.

આનંદીબાઈ વહુની કિંમત સમજતાં હતાં. એમણે રમણલાલને એકાંતમાં બોલાવ્યો. બધી વાત વિસ્તારીને કહી. રમણલાલને જે કુટુંબપરિષદે ઠરાવ કર્યો હતો તે પણ જણાવ્યો. હમણાં ચાર માસ સુધી પિયર મોકલવાની વાત કરી.

"બા, હું એ વાત માનતો નથી. તારી વહુની નિર્દોષતાની મને પાકી ખાતરી છે."

"ભાઈ, હું પણ જાણું છું. પણ આપણે હમણાં આ વાત ટાઢી પડવા દેવી જોઈએ. લોકો હમણાં તાજો ઘા છે એટલે વાતો કરે છે, કંઈ થશે, એટલે ફરીથી તેડાવી લઈશું."

"બા, લોકાપવાદ તો સીતાજી જેવાં ઉપર પણ થયો હતો. તેથી જગન્માતાને આપણે દોષિત માનીએ છીએ? મને આ વાત અનુકૂળ નથી."

"ભગવાન રામચંદ્રે પણ સીતાજીને વનવાસ આપ્યો હતો. આપણે પણ વહુને ચાર માસનો વનવાસ આપીશું. તેમાં તું તારે વહુને મળવું હોય તો ખુશીથી મળવા જજે. મારી ના નથી."

"શ્રીરામચંદ્રે ભૂલ કરી તો આપણે પણ એવી ભૂલ કરીશું?"

"બેટા. ભગવાન ભૂલ કરે જ નહિ. તાર એવી વાત ન કરવી જોઈએ.' દયાળુ માતાએ પુત્રને વાર્યો.

પતિપત્ની જુદાં થયાં. આખી રાત વાતો ચાલી. પતિને પણ મનાવે નાર્ય. વાત કરી નહિ. છતાં એના [illegible] દિન એને

પિયેર ગઇ. ઘરમાં આ વાતની ચર્ચા વડીલોએ કરવા દીધી નહિ. ગામમાં પણ થોડા દિવસોમાં એ વાત જૂની થઈ ભુલાવા લાગી.

હરિલાલકાકા ઉંમરે ૮૦ શિયાળા જોઈ આવ્યા હતા. એ વિધુર હતા. છેલ્લાં ૪૦ વરસો સુધી એઓ રામલાલની સાથે જ રહ્યા હતા. બંને બાળકો હરિકાકાના હાથમાં ઊછર્યાં હતાં. હરિકાકા જરા ભોળા અને સાદાસીધા માણસ હતા. એમણે મ્યુનિસિપાલિટીમાં નાનપણથી વીસ રૂપિયાના પગારે બિલો ઉઘરાવવાનું કામ વીસેક વરસ કર્યું હતું. તેમાં પગાર વધીને ૨૧ રૂપિયા પણ થયો નહોતો. રામલાલની પદવી વધી એટલે એણે કાકાને ઘરે બેસાડ્યા. કાકાનાં કાકી તો ક્યારનાંયે પરલોક સિધાવી ગયાં હતાં. આથી ખાવાનું, કપડાં અને બીજું ખર્ચ રામલાલ આપતા હતા. હરિકાકા બંને વખત બાંગનો લોટો પીતા અને લહેરમાં આવી અલકમલકની વાતો ઢંગધડા વગરની કરતા હતા. તેમાં પણ રામાયણની વાત એમને મોઢે હતી. અનેક વાર સીતાનું હરણ અને રાવણનું મરણ વાતમાં રસ લાવી હરિકાકા વર્ણવતા હતા. એમની વક્તૃતાનો એ એક જ વિષય હતો. 'હાં કાકા, પછી રાવણે સીતાજીનું કેમ હરણ કર્યું ?' એટલી સૂચના મળતાં કાકાની વાતનો પ્રવાહ ધોધમાર વહેવા લાગતો. રામલાલના મરણ પછી કાકા એકલા આ મોટા ઘરમાં રહેતા હતા. નીચે દુકાનોનું ભાડું આવતું અને રામલાલના શેરોની પેદાશ આવતી. આ સર્વેની વ્યવસ્થા મેના કરતી હતી. કાકાની રસોઈ સારુ એક બાઈ રાખી હતી. તે રોટલા કરી જતી. તેને માસિક પાંચ રૂપિયા મેના આપતી હતી.

મેનાએ પિતાના ઘરમાં આવીને વાસ કર્યો. એણે કાકાને ખબર આપી કે પોતે થોડા દિવસ અહીં રહેશે.

"હા દીકરી, જેમ સીતાજી વનવાસમાં ગયાં હતાં તેમ ખરું ને ?" કાકા ખડખડ હસી રહ્યા.

૪ : મેના જ્ઞાનમાર્ગે

મેનાને આ મોટા ઘરમાં એકલું ગમ્યું નહિ. બહાર નીકળવા જેવું કે કોઈની સોબતમાં જવા જેવા સંયોગો નહોતા. એ પોતે લોકોના અપવાદથી ડરતી નહોતી. પરંતુ ખાસ કરી લોકો આંગળી ચીંધે એવી નફટાઈમાં રખડવું પણ એને પસંદ નહોતું. તેમ ઘરમાં ભરાઈ રહીને પડદામાં રહેવું એ પણ એને ગમતું નહોતું. ક્યાંય જવાય એવો તો સવાલ નહોતો. ઘર આખો દિવસ ને રાત ખાવા ધાય એવો સંભવ હતો. મેનાએ કંઈક વિચાર કર્યો અને એક દિવસ એ ભાડાની ગાડી કરી સાબરમતી આશ્રમમાં ગઈ.

એણે આશ્રમના એક કાર્યકર્તાને કહ્યું: "મારે મહાત્માજીને મળવું છે."

કાર્યકર્તા મેનાને મહાદેવભાઈની પાસે લઈ ગયા.

"કહો બાઈ! કેમ આવ્યાં છો?"

"મારે આશ્રમમાં રહેવું છે. હું અહીંની તાલીમ લેવા ઇચ્છું છું."

"તમારી ઓળખાણ આપશો?"

"મેનાએ પોતાનું, સસરાનું ને પિતાનાં નામો આપ્યાં."

"છાપામાં કાંઈ તમારે વિષે આવેલું હતું ખરું?"

"હા, હું ત્યકતા છું, મારે આશ્રમજીવનની તાલીમ લેવી છે."

"તમે બેસો, હું મહાત્માજી પાસે વાત કરી સંમતિ મેળવી આવું."

મહાત્માજીને મળી મહાદેવભાઈ પાછા આવ્યા. "તમે ભલે

આશ્રમમાં રહો. હમણાં એક માસ તમને આશ્રમમાં અભ્યાસી તરીકે રાખીએ છીએ. આશ્રમને અને તમને બન્નેને અનુકૂળ આવે એક માસની મુદત વધારી શકાશે. આ શરત અનુકૂળ હોય તો તમે ભલે આશ્રમમાં ગૌશાળાવિભાગમાં ખુશીથી કામ કરો."

મેના ત્યાં આવી ને રહી. એ બજારમાંથી થોડી ખાદીની સાડીઓ અને વસ્ત્રો લાવી હતી. એની ઓરડી એને બતાવવામાં આવી. મેનાએ પોતાનાં કપડાં ત્યાં મૂક્યાં.

આશ્રમનું જીવન તપોમય હતું. મીઠામરચા વગરનો ખોરાક ખાવાનો હતો. પોતાની શક્તિ પ્રમાણે મહેનત કરવાની હતી. મેના સવારના વહેલી ઊઠીને પ્રાર્થનામાં ભાગ લેતી હતી. પછી ગૌશાળામાં જઈ ગૌશાળા વાળીઝૂડીને સાફ કરતી હતી. શૌચસ્નાન પતાવ્યા પછી એ રસોડામાં જઈ રસોઈમાં મદદ કરતી. એને કામ વહાલું હતું. આશ્રમવાસીઓનાં કામો એ કરી આપતી. રેંટિયો પણ નિયમિત કાંતતી હતી. એનું સૂતર બહુ ઝીણું નીકળતું હતું. મેનાનો સહકાર આશ્રમવાસીઓ વચ્ચે આદર પામ્યો. સૌની સાથે એ માધુર્યભરેલો વર્તાવ રાખતી હતી. તે કોઈ ને કોઈ રીતે સૌને ઉપયોગી થઈ પડી. ગૌશાળાનું એનું કામ સ્વચ્છ અને સુઘડ હતું. એ ફુરસદના વખતમાં મહાત્માજીનાં પુસ્તકો વાંચતી હતી અને અભ્યાસમાં ભગવદ્ ગીતા શીખી હતી. જ્યાં ન સમજાય ત્યાં બીજી અનુભવી બહેનો તેને સમજાવતી હતી. ક્યારેક મહાદેવભાઈને અથવા બીજાઓને પણ પૂછી લેતી હતી.

મહાત્માજીની ચકોર આંખે એની કદર કરી લીધી. એ આંખ મૌને માપી લેતી. એક માસ પછી મહાત્માજીએ એને બોલાવીને કહ્યું:

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રયત્ન કરતી હોઉં એવી અસર ઊપજે તે કરતાં હું મૌન રાખું તે યોગ્ય નથી ?"

"હું જૂઠુંસાચું પારખી શકીશ, મને કહો."

મેનાએ પોતાને શા નિમિત્તે છેલભાઇને ઘેર જવું પડ્યું હતું તે જાહેર કર્યું નહિ. પણ કોઈ મિત્રના કામ માટે જવું પડ્યું, ત્યાથી વાત શરૂ કરીને કહી બતાવી.

"તમારો એક માસ પૂરો થયો છે. હવે વધારે રહેવું છે?"

"બાપુજી! જો આપ આજ્ઞા આપો તો રહું."

"તમને અહીં ગમે છે?"

"મારે કામ જોઇએ છીએ. મનને મનાવીને અનુકૂળ બનાવવાનું કામ મને કરવું ગમે છે. મનને તાલીમ આપવાની કવાયત મને ગમે છે."

"વારુ, તમે હવે રસોડામાં કામ કરજો."

મેના નમસ્કાર કરીને ગઈ. એ રસોડામાં કામ કરવા લાગી. ત્યાં એણે બધી બહેનો કરતાં વધારે કામ કરવા માંડ્યું. એણે રસોડામાં વિશેષ સુવ્યવસ્થા કરી બતાવી. સૌને વિશેષ પ્રમાણમાં સહકાર આપવા માંડ્યો. મહાત્માજીથી માંડીને સૌ એના કાર્ય પ્રત્યે પક્ષપાત બતાવતા થયા. ચારેક માસ પછી મેનાએ મહાત્માજીની પાસે મુલાકાતની માગણી કરી. તેનો સ્વીકાર થયો.

"બાપુજી, મારે એક ભાઈ છે. તે વિલાયતમાં રહે છે. તે મડમ પરણ્યા છે. આ દેશમાં છેલ્લાં દશ વરસ થયાં આવ્યા નથી. હું એમની પાસે જવા ઇચ્છું છું. એમની સંમતિ મળી ગઈ છે."

"અહીં અનુકૂળ ન પડ્યું ?"

"મારે એ કામ છે. દશ વરસે ભાઈને મળવું છે. બીજું એમની દેશી ડૉક્ટરનું કામ શીખવું છે."

"ડૉક્ટરનું કામ શીખીને શું કરશો ?"

"અમારા તો આપણી બહેનોની સેવા કરવાના મનોરથ છે."

વિદ્યા અને સેવાભાવ બંને સાથે હોય તો ઓકલ્યાણની વૃત્તિઓ પોષવાની તક મળે આજે તો આ ઉદ્દેશ છે."

"હિંદમાં રહીને ડૉક્ટરી વિદ્યા ન શીખી શકાય?"

"જરૂર શીખી શકાય, પરંતુ ઉચ્ચ શ્રેણીની નહિ. બાઈને મળવાને પણ મન તલપાપડ થઈ રહ્યું છે."

"તમારું આર્યત્વ ત્યાં સાચવી શકશો?"

"બાપુજીના આશ્રમમાં એવી તાલીમ મળી છે જ."

"મને તમારી પ્રગતિના સમાચાર મળતા રહેશેને?"

"બાપુજી સાથે તો હું કાચે તાંતણે બંધાઈ છું."

"જાઓ, મારા આશીર્વાદ છે. તમને કંઈ ભલામણો આપવાનું પ્રયોજન જ નથી."

બાપુજીના આશીર્વાદ સાથે મેના મુંબઈ આવી. હવે એને આશ્રમનું પીઠબળ હતું. મહાત્માજીના અનુયાયીઓના સહકારથી એને રાવલપીંડી નામે પી. એન્ડ ઓ. સ્ટીમર કંપનીની સ્ટીમરમાં અનુકૂળ જગા મળી ગઈ. મેનાએ બ્રિટન સંબંધી પુસ્તકો મંગાવીને વાંચવા માંડ્યાં. અનુપમાદેવી નામે બંગાળી બહેન વિલાયતમાં ઘણો વખત રહીને હમણાં પતિ સાથે મુંબઈમાં રહેતાં હતાં. તેમની સાથે ઓળખાણ કરીને વિલાયતના સભ્ય રીતરિવાજો શીખી લીધા. એણે યુરોપની ઋતુને અનુકૂળ ગરમ સાડીઓ, પોલકાં અને જોડતાં વસ્ત્રો પણ ખરીદી લીધાં.

મેનાનો પતિ એને આશ્રમમાં દર રવિવારે મળવા આવતો હતો. રમણલાલનો પત્ની પ્રત્યે પ્રેમ અખંડ હતો. બાપુભાઈ અને આનંદીબાઈ એને ઘેર તેડી લાવવા પણાં રાજી હતાં. જૂની વાત પણ ભૂલાઈ ગઈ હતી. પરંતુ મેના સાબરમતી આશ્રમમાં જાતે રહી હતી. આપી [illegible] હતા. આશ્રમનો [illegible] એમના મનમાં હતો. ત્યાં [illegible] આવતા નહોતા. [illegible] સાથે [illegible] [illegible] હતા. [illegible] નહોતા. [illegible] [illegible] હતા [illegible]

આશ્રમવાસીઓ વગરસૂઝે સાફ કરી નાખતા હતા. આ ધર્મનો મોટો વિનાશ સુમનલાલથી સહન થાય તેમ નહોતો. એઓ જિદ્દી હતા. એમણે વહુને પાછી તેડાવવાની દરખાસ્તને તરછોડી કાઢી. આનંદીબાઈ સમય જોઈ વાત કરતાં હતાં, માણુભાઇ એનું સમર્થન કરતા હતા; પણ વડીલ એ વાતોને ભયંકર તિરસ્કારપૂર્વક ઉડાવી દેતા હતા. પરંતુ પુત્રની બીજી પત્ની કરવાની વડીલની ઇચ્છાને આ બન્ને ઉત્તેજન આપતાં નહિ. મેનાને માટે હજી સાસરાના દરવાજા ખુલ્યા નહોતા.

મુંબઈ જતા પહેલાં રમણલાલને મેનાએ પોતાનો વિલાયત જવાનો નિશ્ચય જણાવ્યો. એ ડઘાઇ ગયો. થોડીવાર સુધી એ કાંઇ બોલી શક્યો નહિ. એની આંખોમાંથી બેત્રણ ટીપાં આંસુનાં પડ્યાં. મેના મજબૂત છાતીની હતી. છતાં એની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. પ્રતિપત્ની વચ્ચેનો એ કરુણાજનક પ્રસંગ હતો. પત્ની ધીમે સાદે બોલી—

"આપણો પરસ્પરનો સંપૂર્ણ પ્રેમ છે. એક આર્ય સ્ત્રી તરીકે મેં તમને શરીર અને મન બન્ને અર્પણ કર્યાં છે. પરંતુ તમે તમારી કૌટુંબિક પદ્ધતિ અનુસાર મારો સ્વીકાર કરી શકો તેમ નથી. હું પણ વિચિત્ર પ્રાણી છું. મેં પણ હવે સ્વતંત્રતાનો સ્વાદ ચાખ્યો છે. એટલે ઘરનું વાતાવરણ મારા સ્વભાવને હવે અનુકૂળ થાય તેમ નથી. હું તરંગી છું. મને જ્ઞાન, વિજ્ઞાન અને પ્રગતિના વિચારો જ હવે આવે છે. લોકકલ્યાણ સાધીને આ નાશવંત દેહનું સાર્થક કરવું એવી મારી મનોકામના રહે છે. આપણી સ્ત્રીઓમાં આરોગ્ય સંબંધી અતિશય અજ્ઞાન છે. એમનામાં રોગો મૂંગે મોઢે સહન કરી લેવાની કુટેવ પડી છે. એમનો બાંધો બહુ નાજુક રહે છે. શરીરને કેવી રીતે કસરતો અને મહેનતથી ખડતલ બનાવવું તે આપણી સ્ત્રીઓ જાણતી નથી. રોગોની સામે કેવી રીતે રક્ષણ મેળવવું, આરોગ્યને સુધારવા કેવી દિનચર્યા અને રાત્રિચર્યા રાખવી એ એમને આવડતું નથી. એ જ્ઞાન ફેલાવવાની ઘણી જરૂર છે. મારી દૃષ્ટિ સંકુચિત હતી. આશ્રમના વાતા-

બાહ્ય પદાર્થો અંતરના પ્રેમને જુદો કરી શકતા નથી. બહારની ઉપાધિઓ ઉપર ખરો પ્રેમ આધાર રાખતો નથી. એક બીજી પણ વિનંતિ છે. સાસુજીને માટે મારા અંતઃકરણમાં આકર્ષણ છે. એમને વિચારોનો ભેદ હોવા છતાં હું અતિશય પૂજ્ય અને સન્માનનીય ગણું છું. મને એમના ચરણની રજ લેવાની ઇચ્છા છે. તેઓ જો અહીં આવી દર્શન આપે તો હું કૃતાર્થ થઈશ. મારી અરજી એમને કાને પહોંચાડશો. હું આવતા રવિવારે મુંબઈ જઈશ."

રમણલાલ શનિવારે માતાને તેડી આશ્રમમાં આવ્યો. આનંદીબાઈના હૃદયમાં નાની વહુ માટે ભાવ હતો, એના ગુણોથી એના પ્રત્યે એમને મમતા બંધાઈ હતી. એ પતિથી છાની વહુને મળવા આવી. સાસુવહુએ પરસ્પર હૃદય ઠાલવ્યાં. વિદાય વેળાએ મેનાએ સાસુની ચરણરજ લીધી. રવિવારે જવાને સમયે રમણલાલ આવ્યો. તેણે કંઈ પૈસાની જરૂર હોય તો આપવા માગણી કરી. પોતાની પાસે અંગત બે હજાર રૂપિયા ભેગા થયા હતા તે લઈ જવા પત્નીને આગ્રહ કર્યો. પરંતુ મેનાએ ના પાડી.

મેના પતિના ચરણમાં માથું મૂકીને પાંચ મિનિટ પડી રહી. પતિએ એને બેઠી કરીને ચુંબન કર્યું. તે રડતે ચહેરે ચાલ્યો ગયો.

ભવેત્ ગૌરી" વગેરે માનવાવાળો અને સ્ત્રીઓની આર્થિક સ્થિતિને સંકુચિત કરનારો છે. એક માણસને એક છોકરો ને છ છોકરી હોય તો છોકરીઓને કંઈ જ મળે નહિ, એવો તો વિચિત્ર કાયદો છે. કાચી વયની છોકરીની એક પણ ભૂલ થાય તો તેની આખી જિંદગી સુધી તેને ખટ્ટો લાગે છે અને તેને ઘણું ખમવું પડે છે. મોટી વયની વનિતાએ કંઈ ભૂલ કરી હોય તો તેની સાચીખોટી વાત ઘડીના પલકારામાં ફેલાઈ જાય છે. આ વિષયમાં સ્ત્રીઓ પોતે પોતાની જાત તરફ ઘણી જ ઘાતકી અને નિર્દય છે, એમ જોવામાં આવ્યું છે. પુરુષ ઘણી ભૂલો કરે તોપણ સમાજ તેને સ્વીકારે છે, તરછોડતો નથી. આ જાતનો, કાજીની સેંસવાળો, એકતરફી ન્યાય હવે ચાલુ રહેવો જોઈએ નહિ. પતિવ્રતનો ઉપદેશ આપનારાઓએ હવે પત્નીવ્રત ઉપર પણ એટલો જ ભાર મૂકવો જોઈએ. પુરુષ એક ઉપર બીજી, એમ ગમે તેટલી સ્ત્રીઓ પરણી શકે, પણ ગમે તેટલા જુલમ છતાં પણ સ્ત્રીએ છૂટાછેડા ન લેવાય એ વિચિત્ર અને નિર્દય પ્રકાર કોઈ પણ વિચારવંત માણસને ઠીક નહિ જ લાગે. પુરુષ પોતાની સ્ત્રી મરી જતાં સ્મશાનમાંથી જ નવું સગપણ કરી આવે; પણ જેણે ઘરવાસ નથી કરેલો તેવી નાની બાળાએ પણ વિધવા થતાં જીવનભર એકલા જ રહેવું, એવું રાક્ષસીપણું રાષ્ટ્રજીવનમાં ઉચ્ચતા લાવવા ઇચ્છનારાઓ તેમજ ગીતાનો ખરો મનુષ્યધર્મ પ્રવર્તાવવા મથતા સજ્જનો કોઈ પણ બહાના હેઠળ ચાલુ રાખી શકે જ નહિ. રૂઢિઓ બદલાવીને ન્યાયયુક્ત પ્રણાલી કરવામાં—સ્ત્રીપુરુષને માટે અન્યોન્ય પરસ્પર સમાન ધર્મ કરવામાં સંસારની ઉન્નતિ જ છે. એથી સ્ત્રીઓ વંઠી જશે, એમ કહેનારાઓ મોટે ભાગે પોતે જ હલકા માનસવાળા અને અનદાર અથવા કોઈ વખત નીચ અને કામી હોય છે.

ભારતમાં લગ્ન એ સંસ્કાર છે અને સોદો નથી, એવું

૫ : લંડન તરફ

સ્ટીમર રાવળપીંડીએ મુંબઈના બારામાંથી લંગર ઉપાડ્યું. મેનાને મૂકવા માટે અમદાવાદથી રમણલાલ આવ્યો હતો. આશ્રમનો એક પ્રતિનિધિ પણ હતો. હળીમળીને મેના સ્ટીમર ઉપર ચડી ગઈ. સ્ટીમર રાવલપીંડી બહુ મોટી સ્ટીમર હતી. એનું તૂતક પણ બહુ મોટું અને લાંબું હતું. મેના તૂતક ઉપર ઊભી રહીને સ્ટીમરની રવાનગી જોતી હતી. સ્ટીમર મુંબઈનું બારું છોડી સાગરમાં આગળ વધી. આખું શહેર આ મોટા બારકસમાં વસ્યું હતું. સ્ટીમરમાં અનેક માળો હતા. એ પાણીમાં ૨૯ ફીટ ઊંડી હતી. એ આખી પોલાદના ખોખાની બનાવેલી હતી. નીચલા માળ અથવા તૂતક ઉપર કેબિનોની લાંબી હારો હતી. તેની પાછળ એંજિનરૂમમાં સ્ટીમર ચલાવવાનાં યંત્રો ગોઠવ્યાં હતાં. કેબિનોની પડખે હજામની દુકાન હતી. તેમાં પૈસા લઈ હજામત કરાવવાની અને વાળ કપાવવાની સગવડ હતી. એની નજીકમાં ટોપીઓ, બૂટ, મીઠાઈ અને બીજા અનેક પદાર્થો વેચવાની દુકાન ત્યાં હતી. એની સામે ડૉક્ટરની કેબિન હતી. એટલે પ્રવાસીઓને જોઈતી વૈદકીય મદદ પણ મળી શકતી હતી.

જમવાનો મોટો ઓરડો સ્વચ્છ સફેદ કપડાં બિછાવેલાં ટેબલોથી શોભાવેલો હતો. એકી સાથે ૪૦૦–૫૦૦ માણસો જમી શકે એવો એ વિશાળ હતો. તેના ઉપર કાચનાં વાસણો અને છરીકાંટા મૂકયા હતા. વચમાં ફૂલોના તોરા પણ મૂકયા હતા. રાત્રિના સમયે વીજળીના પ્રકાશથી આખો હોલ ઝગમગી ઊઠતો હતો. આ સિવાય સ્ટીમર ઉપર પણ બેસવાનો મોટો હોલ હતો. તેમા સંગીતનો પણ લાભ

વરણમાં મારા વિચારો ઉદાર બન્યા હોય એમ હું ગણું છું. મને આપણી સ્ત્રીઓને માટે હૃદયમાં અત્યંત લાગણી છે. એમના કલ્યાણ માટે રાત્રિદિવસ વિચારો આવે છે. હું એ માર્ગે મારા જીવનનું સાફલ્ય જોઉં છું. પણ જ્ઞાન વગર એ માર્ગે મને પ્રકાશ સૂઝતો નથી. જ્ઞાન મેળવવા જાઉં છું. સાથે સાથે સગા ભાઇને પણ મળવા જાઉં છું.

મેં મારે માટે ભવિષ્ય નક્કી કરી લીધું છે. મને સ્ત્રીકલ્યાણનાં સ્વપ્નાંઓ આવે છે. મને તમારા ઘરમાં હવે બંધન લાગે છે. હું હવે આકાશનું પક્ષી છું. મને ઘરની સાંકડી બંધિયાર હવામાં ગૂંગળાટ થાય છે. તમારા ઘરનાં બારણાં ખુલ્લાં હોત તો પણ મને આગળ વધવા માટે ત્યાં અનુકૂળ વાતાવરણ નથી. હું મહત્ત્વાકાંક્ષી છું. મારું હૃદય આ ઘરનાં બંધનો, રીતરિવાજો અને સનાતની જડ આચારવિચારોને અનુકૂળ થઈ શકતું નથી, એટલે હમણાં ત્યાં આવીશ તો પણ રિબાઈ રિબાઈને મરીશ. મારે જીવવું છે ને મારી બીજી બહેનોને મારે જિવાડવી છે. મારા અંતઃકરણમાં એ કોડ છે. એ પૂરા કરવાની મારામાં ધગશ છે.

"તમારી હું આ જન્મે દાસી જ રહીશ. મન-વચન-કર્મથી મેં પરપુરુષની ઇચ્છા કરી નથી. કરવાના માર્ગ તરફ ધૂપ્યા છે. તમારા પ્રેમથી મારું હૃદય પ્રફુલ્લિત રહે છે. પરંતુ હું અંગત સુખ કરતાં લોકોના સુખને વધારે અગત્ય આપું છું. જો થોડી બહેનોનાં શારીરિક દુઃખો દૂર કરવા હું શક્તિમાન થાઉં તો મારી જાતને ધન્ય, ધન્ય માનીશ. જીવ્યું સાર્થક માનીશ. મારે માટે બહુ વિચારી આ માર્ગ મેં નક્કી કરી રાખ્યો છે. તમને પણ એ કહું છું. તમારે મારા પ્રત્યે અત્યંત પ્રેમ છે તે હું [illegible] પ્રેમના માર્ગ કારણથી [illegible] છે. [illegible] છે. [illegible]

[illegible]

"તમે બીજો વિવાહ કરી લો એ જ આપણે સૌને માટે શ્રેયસ્કર માર્ગ છે. તમે માતાપિતાને સ્વાધીન છો, તમારું જીવન એમને આશ્રયે ઘડાયું છે. પરાવલંબીપણું એ એના બિંદુએ બિંદુમાં રહેલું છે. મનુષ્ય પોતાના ઘડતરના સંસ્કારોમાં ગુલામ બને છે. તમે હવે નવાં દૃષ્ટિબિંદુઓ એકદમ ઉત્પન્ન કરી શકશો નહિ. માતાપિતા તમને બીજો વિવાહ કરાવ્યા વગર છોડવાના નથી. માટે તમે જે કામ અવશ્ય કરવાનું છે તે કરજો. એમાં આનાકાની કરશો નહિ. એ જ માર્ગ ઉત્તમ છે. મારી પણ તમને એ જ ભલામણ છે. આપણે પરસ્પર એકબીજાની સ્મૃતિ હૃદયોમાં સાચવી તેમાંથી માધુર્ય મેળવીએ. એ જ આપણે માટે હવે ઉત્તમ છે. તમે બીજો વિવાહ કરશો તેમાં મને ખોટું લાગવાનું નથી, કારણ કે તમારું અંતઃકરણ મારું જ છે એવી મારી દૃઢ માન્યતા છે, એથી મને સંતોષ રહેશે.

"મારા વિચારો પણ બદલાય એ બનવા જોગ છે. હું જ્યારે મારા આ વિચારોમાં પરિવર્તન જોઈશ ત્યારે ઘરની હૂંફનો આશ્રય લઈશ. મને કુટુંબના કલ્યાણ માટે પણ ઘરની હૂંફની જરૂર દેખાશે તોપણ ત્યાંનો આશ્રય મેળવીશ. ત્યારે મને કોઈ અટકાવી શકશે નહિ, બધાં વિઘ્નોને હું દૂર કરી શકીશ એવી મને શ્રદ્ધા છે. પરંતુ સૌથી પહેલાં જ્ઞાનના પ્રકાશની મને આવશ્યકતા લાગે છે. તે મેળવવા હું પશ્ચિમમાં જાઉં છું. એ જ્ઞાનનો ઉપયોગ સ્વાર્થ માટે નહિ કરવાનો મારો આદર્શ છે. તમે મને ખુશીથી જવાની આજ્ઞા આપો. મારા હૃદયના સર્વે વિચારો નિખાલસ ભાવે મેં રજૂ કર્યા છે, મને તમારી આજન્મ વિયોગણ દાસી માનજો. બીજો પણ મારો કોલ છે કે જ્યારે તમને મારી જરૂર હશે ત્યારે હું તમારાથી દૂર નથી."

રમણલાલ કંઈ બોલી શક્યો નહિ. એની આંખોમાંથી [illegible] વહેવા લાગ્યાં. પતિપત્ની બંને ચૂપ રહ્યાં. કોઈ [illegible] બોલી [illegible] નહિ. પત્નીએ [illegible] બોલવાનું [illegible]

[illegible] व्यतिषजति पदा-धानान्तरः कोऽपि हेतुर्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते।

બાહ્ય પદાર્થો અંતરના પ્રેમને જુદો કરી શકતા નથી. બહારની ઉપાધિઓ ઉપર ખરો પ્રેમ આધાર રાખતો નથી. એક બીજી પણ વિનંતિ છે. સાસુજીને માટે મારા અંતઃકરણમાં આકર્ષણ છે. એમને વિચારોનો ભેદ હોવા છતાં હું અતિશય પૂજ્ય અને સન્માનનીય ગણું છું. મને એમના ચરણની રજ લેવાની ઇચ્છા છે. તેઓ જો અહીં આવી દર્શન આપે તો હું કૃતાર્થ થઈશ. મારી અરજી એમને કાને પહોંચાડશો. હું આવતા રવિવારે મુંબઈ જઈશ."

રમણલાલ શનિવારે માતાને તેડી આશ્રમમાં આવ્યો. આનંદીબાઈના હૃદયમાં નાની વહુ માટે ભાવ હતો, એના ગુણોથી એના પ્રત્યે એમને મમતા બંધાઈ હતી. એ પતિથી છાની વહુને મળવા આવી. સાસુવહુએ પરસ્પર હૃદય ઠાલવ્યાં. વિદાય વેળાએ મેનાએ સાસુની ચરણરજ લીધી. રવિવારે જવાને સમયે રમણલાલ આવ્યો. તેણે કંઈ પૈસાની જરૂર હોય તો આપવા માગણી કરી. પોતાની પાસે અંગત બે હજાર રૂપિયા ભેગા થયા હતા તે લઈ જવા પત્નીને આગ્રહ કર્યો. પરંતુ મેનાએ ના પાડી.

મેના પતિના ચરણમાં માથું મૂકીને પાંચ મિનિટ પડી રહી. પતિએ એને ભેટીને ચુંબન કર્યું. તે રડતે ચહેરે ચાલ્યો ગયો.

૫ : લંડન તરફ

સ્ટીમર રાવળપીંડીએ મુંબઈના બારામાંથી લંગર ઉપાડ્યું. મેનાને મૂકવા માટે અમદાવાદથી રમણલાલ આવ્યો હતો. આશ્રમનો એક પ્રતિનિધિ પણ હતો. હળીમળીને મેના સ્ટીમર ઉપર ચડી ગઈ. સ્ટીમર રાવલપીંડી બહુ મોટી સ્ટીમર હતી. એનું તૂતક પણ બહુ મોટું અને લાંબું હતું. મેના તૂતક ઉપર ઊભી રહીને સ્ટીમરની રવાનગી જોતી હતી. સ્ટીમર મુંબઈનું બારું છોડી સાગરમાં આગળ વધી. આખું શહેર આ મોટા બારકસમાં વસ્યું હતું. સ્ટીમરમાં અનેક માળો હતા. એ પાણીમાં ૨૯ ફીટ ઊંડી હતી. એ આખી પોલાદના ખોખાની બનાવેલી હતી. નીચલા માળ અથવા તૂતક ઉપર કેબિનોની લાંબી હારો હતી. તેની પાછળ એંજિનરૂમમાં સ્ટીમર ચલાવવાનાં યંત્રો ગોઠવ્યાં હતાં. કેબિનોની પડખે હજામની દુકાન હતી. તેમાં પૈસા લઈ હજામત કરાવવાની અને વાળ કપાવવાની સમવડ હતી. એની નજીકમાં ટોપીઓ, બૂટ, મીઠાઈ અને બીજા અનેક પદાર્થો વેચવાની દુકાન ત્યાં હતી. એની સામે ડૉક્ટરની કેબિન હતી. એટલે પ્રવાસીઓને જોઈતી વૈદકીય મદદ પણ મળી શકતી હતી.

